
# આધ્યાત્મિક કેડી

તંત્રી-સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

મા ગાયત્રી

ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૩ ] એપ્રિલ ૧૯૯૪ [ અંક ૧

Scanned by CamScanner

# * મારા જીવનનાં નવ સૂત્રો *

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

— રાજયોગી નરેન્દ્રજી


૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭


Scanned by CamScanner

॥ૐ મા ૐ॥



*


**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

*

: પ્રકાશક :

શ્રી કૈલાસબહેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલેપા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા સામે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૫

*

: મુદ્રક :

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧


# આધ્યાત્મિક કેડી


શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ ૩૮૦ ૦૧૫

વર્ષ ૧૩ ] * એપ્રિલ-૧૯૯૪ * [ અંક ૧


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જે આનંદ | રાજયોગી નરેન્દ્રજી | ૨ |
| શાંતિ જોઈએ છે ? | ,, ,, | ૩ |
| નિજ ગૃહે કૃષ્ણ | ,, ,, | ૬ |
| નરેન્દ્રજીની નિશ્રામાં | ... | ૯ |
| રાધા એટલે શું ? | રાજયોગી નરેન્દ્રજી | ૧૨ |
| આ દરબારમાં | ,, ,, | ૧૩ |
| પ્રાણમાં ૐકારની પ્રતિષ્ઠા | ,, ,, | ૧૫ |
| જાતને તૈયાર કરો | ,, ,, | ૧૮ |
| Cricket | ,, ,, | ૨૦ |
| અવનિ પર ૭ માસ | ,, ,, | ૨૧ |
| રાસની રમઝટ | ,, ,, | ૨૩ |
| મારા સરકાર | સતીશભાઈ ભટ્ટ | ૨૪ |
| 'ષડ્રિપુ' : એક ચિંતન | ... | ૨૭ |
| અમેરિકાનો કાર્યક્રમ | ... | ૩૦ |
| સમાચાર | ... | ૩૨ |


**૧૯૯૪માં અને તે પછીનાં વર્ષોમાં 'આધ્યાત્મિક કેડી'ના ફક્ત બે અંક એપ્રિલ અને ઓક્ટોબર માસમાં પ્રગટ થશે તેની સર્વે વાચકોએ નોંધ લેવી.**

Scanned by CamScanner

# જે આનંદ

## રાજયોગી નરેન્દ્રજી

બેતાલીના યજ્ઞમાંથી પાછા ફર્યા બાદ આખા દિવસ દરમ્યાન ભક્તોનો આનંદ જોઈ મને પણ ખૂબ આનંદ થયો. તેઓને કંઈક શીખ આપવાના આશયથી મને અચાનક જે પંક્તિઓ સ્ફુરી તે હું રજૂ કરું છું.

આજનો આપણો આ પ્રવાસ એ આધ્યાત્મિક પ્રવાસ હતો. આપે આજે જે આનંદ લૂંટ્યો એ અંગે હમણાં જ મેં થોડી પંક્તિઓ લખી તે હું રજૂ કરું છું :

આજની સફરમાં યજ્ઞ થકી જે આનંદ લૂંટ્યો
આજની સફરમાં સંઘભાવનાનાં દર્શન થયાં
આજની સફરમાં ભાગતો દીઠો અહમ્‌ને

(નાના-મોટા સૌ કોઈ પોતાની જાતને ભૂલીને એકમેક સાથે હળીમળીને નાચતા હતા, ગાતા હતા.)

આજ સફરની શીખ સંઘબળ જાળવજો
ભગાડજો અહમ્‌ને,
જે આનંદ અર્જુને લૂંટ્યો.

(અર્જુન વીર યોદ્ધો હતો. એ ઢીલોપોચો નહોતો કે યુદ્ધભૂમિમાં આ રીતે નાસીપાસ થઈ જાય. પણ એણે કૃષ્ણ પાસે ગીતા કહેવડાવી. કૃષ્ણે સાગે ચાલીને ગીતા કહી, એને બોધ આપ્યો. એ અર્જુનનો આનંદ કેવો હશે ?)

જે આનંદ વિવેકે લૂંટ્યો.

(વિવેક એટલે વિવેકાનંદ. રામકૃષ્ણ એને હંમેશ બોલાવતા કે તું આવ, તું આવ.)

જે આનંદ માત થકી મેં લૂંટ્યો.

(હું માતાજી પાસેથી જે આનંદ લૂંટતો રહ્યો છું.)

એવી આનંદની લહેરીઓ
આપ સર્વના જીવનમાં લહેરાતી રહો.
મારા આપ સૌને આશીર્વાદ છે.

[ તા. ૧૩-૬-'૯૩ ]

⊡



Scanned by CamScanner

# શાંતિ જોઈએ છે ?

રાજયોગી નરેન્દ્રજી

સનાતનકાળથી માનવી શાંતિની શોધમાં ફરતો રહ્યો છે. એ જેમ જેમ ભટકતો જાય છે તેમ તેમ તેને શાંતિને બદલે અશાંતિની જ પ્રાપ્તિ થતી રહી છે. આમ કેમ બને છે તે અંગે માનવી કદી વિચારે છે ખરો ? આપણને બધાને જ શાંતિ જોઈએ છે અને મેળવીએ છીએ અશાંતિ. તો એ અશાંતિનું કારણ – તેનાં મૂળ શોધવાનો પ્રયાસ કરીએ છીએ ખરા ? શાંતિની શોધમાં ફરતાં ફરતાં અશાંતિની પ્રાપ્ત થતાં આપણે સહેજ થોભીએ છીએ ખરા ? થોભવાની જરૂર લાગે છે ખરી ? પળ, બે પળ કે અડધી પળ, પા કલાક, અડધો કલાક, એક દિવસ કે બે દિવસ શાંતિની શોધને અટકાવીને સહેજ વિચાર કરવા થોભીએ છીએ ખરા ?

મને સંપૂર્ણ ખાતરી છે કે આનો જવાબ તમે સૌ 'ના'માં જ આપવાના છો.

શાંતિની શોધમાં ફરતાં ફરતાં અશાંતિની પ્રાપ્તિની ક્ષણોમાં મારા ઉપરોક્ત પ્રશ્નો વાંચીને, સાંભળીને, યાદ કરીને તમે સૌ સહેજ પણ અટકશો અને વિચારશો તો તે પળો શાંતિની દિશામાં તમને અવશ્ય દોરી જઈ શકશે એમ હું માનું છું.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને શાંતિને દૈવી ગુણ ગણાવ્યો છે. આથી શાંતિની પ્રાપ્તિનું મહત્ત્વ, તેની આવશ્યકતા, તેની અનિવાર્યતા અંગે વિચારવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. અર્જુનને બોધ આપતી વેળા શ્રીકૃષ્ણ ભગવાનને શું કહેવાનું તાત્પર્ય હશે તે તો હું નહિ કહી શકું પરંતુ મારા જીવનના આધારે માતાજીની પ્રેરણા અને શક્તિથી મને જે કંઈ સ્ફુરે છે તે અહીં હું રજૂ કરીશ.

---

"જિંદગીનું રહસ્ય સમજો, આધ્યાત્મિક અભિગમ કેળવો, તમારી તમામ વૃત્તિ, પ્રવૃત્તિ, વાણી, વલણ, વ્યવહાર, વર્તનને માનવીય બનાવો, પ્રેમાળ બનો, સહૃદયી બનો, જીવનના ધ્યેયને ઉચ્ચ બનાવો અને દૃષ્ટિ વિશાળ અને ઉદાત્ત, ઉદાર ને ઊર્ધ્વ બનાવો, શાંતિ તમારાં ચરણો ચૂમતી આવશે."

---

મારી દૃષ્ટિએ શાંતિ એટલે માનસિક શાંતિ. આ માનસિક શાંતિ માત્ર બાહ્ય નહિ પણ જે માનસિક શાંતિ દ્વારા સમસ્ત વ્યક્તિત્વ પ્રભાવક, દિવ્ય, તેજસ્વી અને આકર્ષક બને, સમસ્ત અસ્તિત્વમાં કોઈ સરિતાનાં વહેતાં નિર્મળ નીરના પ્રવાહ જેવો પ્રવાહિતાનો અનુભવ થાય, ભીતરના તમામ આવેગો, આવેશો, ઉધામાઓ શાંત થઈ જાય, સમસ્ત અસ્તિત્વ સદ્‌વિચારોના આકાશમાં પથરાઈ જાય અને પ્રભુમય બની જાય એવી સમસ્ત અસ્તિત્વની ભાવાનુભૂતિ તે જ સાચી શાંતિ.

શાંતિ એ સ્થૂળ નથી, જે નરી આંખે દેખાઈ શકે. શાંતિ એ સૂક્ષ્મ છે. એ એક ભાવ છે. અનુભૂતિ છે. જે મનુષ્યની પ્રાણશક્તિને – ચેતનાશક્તિને સ્પર્શે છે અને તેમાં રમમાણ બનાવે છે. એટલે શાંતિ એક અનુભૂતિનો વિષય છે. મનુષ્યના અસ્તિત્વના ભીતરની સૂક્ષ્મ, ઊર્ધ્વગામી, ઉદાત્ત સંવેદના છે. એને બાહ્ય જગતનો કોઈ સ્પર્શ નથી. કોઈ લેપન નથી. કોઈ સંબંધ નથી.



Scanned by CamScanner

જેઓને બાહ્ય જગતમાં લેપન છે, તેમને માટે શાંતિ ઘણી વેગળી રહે છે. અહીં મારો આશય બાહ્ય જગતથી વિચ્છેદ કરવાનો નથી. આપણે જે જગતમાં જીવીએ છીએ, તેનો વિચ્છેદ કરી શકાય પણ નહિ, પણ એથી અલિપ્ત-જળ, કમળવત્ તો અવશ્ય રહી શકાય. જેઓ સ્થૂળતામાં, ક્ષુલ્લકતામાં, નિસ્સારતામાં રાચે છે તેઓને માટે શાંતિ સુલભ બની શકતી નથી. આથી જ તો તેઓ અશાંતિને પ્રાપ્ત કરે છે.

યંત્રયુગના આ જમાનામાં માનવી ભૌતિકતા તરફ આંધળી દોટ મૂકી રહ્યો છે. તેને સુખ જોઈએ છે, આનંદ જોઈએ છે, શાંતિ જોઈએ છે. એ માટે તે અનેકવિધ બાહ્ય ઉપકરણોથી લદાઈ ગયો છે, ઢંકાઈ ગયો છે, તેને વશ બની ગયો છે, એટલું જ નહિ, તેનો દાસ બની ગયો છે. માનવીની જિંદગીની ગતિ એટલી તો તેજ બની ગઈ છે કે, તેને હવે બાહ્ય ઉપકરણોની અનિવાર્યપણે આવશ્યકતા બની ગઈ છે. તેને પળભર પણ તેજ ગતિને ધીમી પાડવાનો અવકાશ નથી, તે ધીમો પડવા માંગતો નથી. આજનો માનવી બિલકુલ બિનજરૂરી હરીફાઈમાં સમય વેડફી રહ્યો છે. તેને આધુનિકતાનો કેફ ચડયો છે. તેને રાતોરાત પ્રતિષ્ઠિત, પ્રસિદ્ધ અને પૈસાપાત્ર બનવું છે. દેખાદેખી, અહમ્ અને ઈર્ષ્યામાં તે અટવાઈ પડયો છે. પણ તે કદી પોતાના પગ સામે જોતો નથી. જોવા થોભતો નથી. સુખ, આનંદ અને શાંતિની શોધમાં તે બાહ્ય પળોજણમાં અટવાઈ ગયો છે, ખોવાઈ ગયો છે. એટલું જ નહિ, અરે, હું તો એટલે સુધી કહીશ કે તે ડૂબી ગયો છે, જ્યાંથી તે બહાર આવી શકતો નથી, આવતો નથી, આવવા માંગતો પણ નથી. જિંદગીની તેજ ગતિમાં માનવીની અસલિયત ખોવાઈ ગઈ છે અથવા એમ કહો કે તેની અસલિયત વિસારે પડી ગઈ છે.

---

**"ઈશ્વરનાં ચરણોમાં આત્મનિવેદન કરો, તેની સાથે વાર્તાલાપ કરો, જપ કરો, ધ્યાન કરો, સાત્વિક, સાહિત્યિક, પ્રેરક વાચન કરો, સત્સંગ કરો, ઊંડા ઊતરો, અંતર્મુખી બનો, શરણાગતિ સ્વીકારો, શ્રદ્ધાને જાગ્રત કરો, નવપલ્લવિત કરો. જો તમે સાચા હશો તો સાંકેતિક સમર્થનના સહારે શાંતિ અવશ્ય મેળવી શકશો એમાં સંશય નથી જ નથી."**

---

આપણે સ્ટેશન પર ઊભાં હોઈએ અને કોઈ ટ્રેન ધણ ધણ ધણ કરતી પૂરઝડપે પસાર થઈ જાય ત્યારે તે ટ્રેન કેવી છે, તેનો રંગ કેવો છે, તેના ડબ્બા કેવા છે, તેમાં બેઠેલા મનુષ્યો કે માલસામાનને આપણે સુપેરે જોઈ શકતાં નથી તેવી જ રીતે જિંદગીની તેજ ગતિમાં આપણે આપણા ખુદને માટે વિચારતા નથી. આપણી અસલિયત શી છે તેની આપણને ખબર નથી. આપણે ક્યાં જઈ રહ્યાં છીએ, શા માટે જઈ રહ્યાં છીએ તેની પણ ખબર નથી. આ શા માટે ?

હવે તમને સમજાશે કે અશાંતિ ક્યાંથી અને શા માટે આવે છે.

માનવી જિંદગીની બાહ્ય પળોજણમાં ક્ષુલ્લકતામાં, નિસ્સારતામાં, સગવડો વધારવામાં, તેની વિચારશક્તિના અભાવને પરિણામે, સદ્‌વિચાર, સત્સંગ, શાશ્વત, સાત્વિક રસ-રુચિ, વિચાર, વલણ, વૃત્તિ, પ્રવૃત્તિ અને અભિગમના અભાવે તે અશાંતિ પ્રાપ્ત કરે છે. માનવી પોતાની સગવડો વધારે તે અનુચિત નથી જ નથી, પણ તે બહિર્મુખી રહેવાને પરિણામે અશાંતિ સર્જાય છે. જિંદગીનું સંમાર્જન કરતાં તેને આવડતું નથી પરિણામે તે શાંતિ મેળવી શકતો નથી.



Scanned by CamScanner

જિંદગીના તમામ ભૌતિક સુખ, રાચરચ, દૌલત અને એશઆરામની સાથે સાથે મનુષ્યનો અભિગમ, રસ, રુચિ, વલણ, વૃત્તિ, પ્રવૃત્તિ સાત્ત્વિક, પવિત્ર અને ઉચ્ચ હોવાં જરૂરી છે. તેની વૈચારિક શક્તિ ઉદાર, ઉદાત્ત ને ઉન્નત હોવી જરૂરી છે. તેને શાશ્વત ને ચિરંજીવ સુખમાં દિલચસ્પી હોવી જરૂરી છે. તે સન્માર્ગગામી, ઈશ્વરપરાયણ, અને અંતર્મુખી રહે તો શાંતિ અવશ્ય પ્રાપ્ત કરી શકાય છે. એ આપોઆપ આવી મળે છે.

ઉપરાંત, મારાં નવ સૂત્રોનું આચરણ કરશો, નિત્ય નિયમિત ઉપાસના કરશો, માનવી બનીને માનવીના હૃદયની વેદનાઓ, લાગણીઓ, આઘાતોને સમજવાનો પ્રયાસ કરશો, કોઈકના હૃદયને વ્યક્ત થવાનું તમે સાધન બનશો, સ્થાન બનશો તો જિંદગીનું રહસ્ય સમજાશે, જિંદગીનું રહસ્ય સમજાશે તો તે તરફ તમારી ગતિ થતાં જ શાંતિ આપોઆપ જ આવી મળશે એમાં લેશ માત્ર સંશય નથી. માટે જિંદગીનું રહસ્ય સમજો, આધ્યાત્મિક અભિગમ કેળવો, તમારી તમામ વૃત્તિ, પ્રવૃત્તિ, વાણી, વલણ, વ્યવહાર, વર્તનને માનવીય બનાવો, પ્રેમાળ બનો, સહૃદયી બનો, જીવનના ધ્યેયને ઉચ્ચ બનાવો અને દૃષ્ટિ વિશાળ અને ઉદાત્ત, ઉદાર ને ઊર્ધ્વ બનાવો. શાંતિ તમારાં ચરણો ચૂમતી આવશે.

શાંતિની પ્રાપ્તિ એ મનોપ્રક્રિયા છે, જીવન ઘડતરની પ્રક્રિયા છે. ઈશ્વરપરાયણતાની સમસ્ત અસ્તિત્વની પ્રક્રિયા છે, જેમાંથી તે નિષ્પન્ન થાય છે.

શાંતિ ભૌતિક સુખમાંથી નથી આવતી. એ આવે છે શાશ્વત, ચિરંજીવ અને પરમાનંદમાંથી. ભૌતિક સુખની પ્રાપ્તિ પછી પણ જિંદગીના સાચા, શાશ્વત, ચિરંજીવ આનંદને નિર્માણ કરતાં શીખો. સાચા માણસ બનો, માનવીય ગુણોને આત્મસાત્ કરો, શાંતિ આપોઆપ ખેંચાઈ આવશે.

જીવનના સાત્ત્વિક અભિગમ છતાં અશાંતિની પળો સર્જાતી રહે તો ઈશ્વરનાં ચરણોમાં આત્મનિવેદન કરો, તેની સાથે વાર્તાલાપ કરો, જપ કરો, ધ્યાન કરો, સાત્ત્વિક સાહિત્યિક પ્રેરક વાંચન કરો, સત્સંગ કરો, ઊંડા ઊતરો, અંતર્મુખી બનો, શરણાગતિ સ્વીકારો, શ્રદ્ધાને જાગ્રત કરો, નવપલ્લવિત કરો. જો તમે સાચા હશો તો સાંકેતિક સમર્થન અવશ્ય મળશે જ મળશે. એ સાંકેતિક સમર્થનના સહારે શાંતિ અવશ્ય મેળવી શકશો એમાં સંશય નથી જ નથી.

જિંદગીમાં એટલું યાદ રાખજો કે, કોઈનું ભલું ન થાય તો કંઈ નહિ, કોઈનું બૂરું કરશો નહિ. પુણ્ય નહિ થાય તો કંઈ નહિ, પાપકર્મ કરશો નહિ. માણસ બની માણસને સમજતાં શીખો. માણસાઈને જાગ્રત કરતાં શીખો. કોઈની આશા, ઉમંગ, ઉત્સાહ, શ્રદ્ધા, વિશ્વાસ, સુખ, આનંદ પર પ્રહાર કરવાનું કૃત્ય કદી કરશો નહિ. એવો પ્રયાસ પણ કરશો નહિ.

મનુષ્યમાં રહેલા આત્મતત્ત્વને ઓળખવાનો પ્રયાસ કરજો. હવે તો મેં કહ્યું જ છે કે માનવીના હૃદયમાં શિવ-પરમાત્મા બિરાજમાન છે. આથી જો માનવહૈયું દુભાશે, દુઃખાશે, નંદવાશે તો એ પરમાત્માનો દ્રોહ થયા બરાબર ગણાશે. એ કૃત્ય કર્મબન્ધનમાં પરિણમશે. આથી જીવ માત્રમાં – પ્રાણીમાત્રમાં પરમ શક્તિના પ્રવર્તન અંગે સભાન રહેશો તો જીવમાત્રમાં રહેલા શિવનો આદર કરશો, એને પ્રસન્ન કરશો, સંતુષ્ટ કરશો તો જ જીવનમાં સાચી શાશ્વત શાંતિ પ્રાપ્ત થશે.

□



Scanned by CamScanner

# નિજ ગૃહે કૃષ્ણ

રાજયોગી નરેન્દ્રજી

---

જન્મ ધર્યો જેલમાં આવ્યા ગોકુળ મહીં
યશોદા-નંદબાવા બાળનું પ્રેમથી જતન કરે
બાળપણમાં ખેલ ખેલ્યા દુનિયા તણા સખાઓના સંગમાં
ધરી બંસી હસ્તમાં, ગાયો ચરાવી ગોકુળમાં.
બંસરીના સૂરે ગાયો અને ગોપીઓને ઘેલી કરી!
ત્રણ 'ગ'નો ત્યાગ કરતાં ક્ષોભ જરીએ ના થયો? ॥ ૧ ॥

કર્મની શરૂઆત યમુનાને ચરણસ્પર્શ કરાવીને પછી પૂતના મારી, અઘાસુર, બકાસુર, શકટાસુરને માર્યા, નાગદમન કર્યું, ગોવર્ધન ધારણ કરી કુદરતી આફતમાંથી લોકોને બચાવ્યા વગેરે.

હું કહું છું શોધો વિરહને, શું સહન કર્યું છે?
શોધવા વિરહને, શોધો કર્મ તણા સિદ્ધાંતને
વિરહ થકી ત્યાગ્યું મથુરા, આનંદ દ્વારકા મહીં ॥ ૨ ॥
સહારો અંગુલિનો ગોવર્ધન ધારણ કર્યો
સહારો રાધાના તુલસીપત્રનો પ્રેમ ઊંચકાઈ ગયો ॥ ૩ ॥
વાગ્યાં નગારાં યુદ્ધનાં સારથિ બની અર્જુનના,
કર્મ તણો ઉપદેશ દીધો, અર્જુનને યુદ્ધમાં
સામ, દામ, દંડ, ભેદને અજમાવ્યાં સારથિ બની,
પહેરી વિજયમાળા પાંડવોએ, શ્રીકૃષ્ણે વિદાય લીધી ॥ ૪ ॥
દ્વારિકા તણી ધુરા લીધી હાથમાં, સ્વયં પરમાત્મા રાજ કરે,
બંસી છોડી ગોકુળની, મુગટ મસ્તકે ધર્યો દ્વારિકાનો,
આપ બધાં હાજર રાજદરબારમાં,
આજ પણ હાજર આ 'શ્રદ્ધા' કુટિરમાં,
ભેદ છે એટલો શિરે ધરેલી પાઘડીઓ,
આજ ઉઘાડા શિરે,
લીલા સંકેલી મોરે વ્રત સેવા તણું આદર્યું ॥ ૫ ॥

[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૪



Scanned by CamScanner

બાણુ પારધિનું પંચમહાભૂતને સ્પર્શી ગયું,
યુદ્ધનો વજ્ર રથો સારથિ, રમકડાંથી હારી ગયો.
જન્મ લે તે પામે મૃત્યુ, સત્ય બતાવ્યું જગતને,
ખેલ ખેલી છેલ્લો સ્વધામ પહોંચ્યા સદેહે. ॥ ૬ ॥

આજ છે શ્રીકૃષ્ણ જન્મ
મુબારક આપવા આવિયા નારદજી
ખબર-અંતર પૂછી સકળ સંસારો તણી,
નારદજી વિનવે ભગવાન ચલો ધરતી તણી સફરે ॥ ૭ ॥

આવિયા ગોકુળ વૃંદાવનની ગલીઓ મહીં,
ન નિહાળ્યાં ગોપ, ગોપી કે ગાયને,
નિહાળ્યા ચોબાઓને પૈસા ઉઘરાવતા. ॥ ૮ ॥

મન ગોઠ્યું નહિ વિદાય મથુરા ભણી
હાલત જોઈ મથુરા તણી દુઃખ લાગીયું. ॥ ૯ ॥

સખા સુદામાના પોરબંદરમાં,
નિહાળ્યું ચિત્ર દુશ્મનાવટનું ॥ ૧૦ ॥

નારદજી કહે ભગવન્, ચલો દ્વારિકા ભણી,
શહેરમાં દાખલ થતાં ટેકસ ભરવો પડે,
સુવર્ણમયી દ્વારિકા ચિંથરેહાલ દીસે,
વ્યવહાર અર્થ ઉપાર્જનનો નિજ મંદિરમાં થાય,
ખુદ ભગવાનને કહે, આપો પૈસા, લ્યો પ્રસાદ। ॥ ૧૧ ॥

ભગવાન અકળાયા આ વ્યવહારથી,
ચૂપચાપ વિદાય લીધી ત્યાંથી,
આવ્યા હસ્તિનાપુર
નિહાળ્યું ચિત્ર ભ્રષ્ટાચારનું
મહાભારતના યુદ્ધ સમયે,
આવો ભ્રષ્ટાચાર ન હતો ॥ ૧૨ ॥

નારદજી ભગવાનને કહે, આપણી મુલાકાતો
ગોકુળ, વૃંદાવન, મથુરા, પોરબંદર, દ્વારિકા અને
હસ્તિનાપુર થકી,



Scanned by CamScanner

આ સૃષ્ટિને શું સ્પર્શ્યું ? આનંદ ન આવ્યો કાંઈ,
આ સંસારે વિષાદ ને વિષાદ, પ્રેમરસ ન દેખાયો ॥ ૧૩ ॥

નારદજી કહે ભગવન્, પ્રેમરસ બતલાવું ?
હસ્તિનાપુરથી ઊપડી ગાડી, આવી કર્ણાવતી માંહી,
નારદજી પધાર્યા ભગવાનને લઈને
માત તણા ધામે, શ્રદ્ધા તણી કુટિરે ॥ ૧૪ ॥

[જયઘોષ-જય કનૈયાલાલકી, હાથી ઘોડા પાલખી, હિંડોળા પાલખી ]

નિહાળ્યું નંદનવન, ગોપ, ગોપી અને રાજદરબારીઓ
નિહાળ્યો ઝૂલો અને પંખો રુક્મણી તણો
નિહાળ્યો મોર, મુગટ અને મોરપિચ્છ,
નિહાળી પ્રેમરસની નિઃસ્વાર્થ સેવા બાળ તણી ॥ ૧૫ ॥

અનુભવ્યું ભગવને નિજ ગૃહે આવિયો,
બેઠક લીધી ઝૂલા પરે આનંદથી ઝૂલતા ॥ ૧૬ ॥

[ જય ઘોષ-જય કનૈયાલાલકી ]

રાજયોગી વિનંતિ કરે, કાયમ રહો આ સ્થાનમાં,
એકથી બે ભલા, સેવામાં સુગંધ ભળે.

[ તા. ૧૦-૮-'૯૩ ને જન્માષ્ટમી નિમિત્તે 'શ્રદ્ધા' કુટિરમાં રજૂ કરેલું વક્તવ્ય ]

□



Scanned by CamScanner

# નરેન્દ્રજીની નિશ્રામાં

ગાયત્રી-ઉપાસક શાસ્ત્રીજી તરીકે લોકહૈયામાં સુપ્રતિષ્ઠિત થયા પછી પરમ શક્તિએ તેના આ લાડલા દીકરાનું નવું નામકરણ શા માટે કર્યું હશે તે એક પ્રશ્ન છે. એનું રહસ્ય તો એ બે મા-દીકરાને જ ખબર હશે. જો કે મૂળભૂત રીતે વિચારીએ તો તેમનું નામ તો જે છે – નરેન્દ્ર – તે જ રાખ્યું છે. માત્ર 'નરેન્દ્ર' સાથે 'જી'નું જોડાણ કર્યું છે.

'નરેન્દ્ર' સાથે માતાજીએ 'જી' શા માટે જોડ્યું હશે તેનો વિચાર આપણે કરવાનો છે. એમ કહી શકાય કે 'જી' માનાર્થે વપરાતો અક્ષર છે. એથી નમ્રતા, વિવેક, માન, આદર અને અહંકારનો ત્યાગ સૂચવાય છે. પરમ શક્તિના આ પનોતા પુત્ર પાસે જવા માટે નમ્રતા, વિવેક, માન, આદર અને અહંકારનો ત્યાગ કરીને જવું જરૂરી છે.

દીકરા નરેન્દ્રને બીજું કોઈ પણ આધ્યાત્મિકતા સભર નામ આપવાને બદલે તેના મૂળ નામ સાથે 'જી' જોડીને આત્મીય નાતો જોડી આપ્યો છે. તેમના સંપર્કનો સેતુ મોકળો બનાવી આપ્યો છે એમ કહી શકાય. કારણ કે આત્મીયતાભર્યો આવકાર એ નરેન્દ્રજીના વ્યક્તિત્વ અને જીવનકાર્યનો એક ભાગ છે. એક લક્ષણ છે. આત્મીયતાભર્યા આવકારનો અનુભવ દરેક આગન્તુકને–મુલાકાતીને થતો જ હશે.

'રાજયોગી' એ તખલ્લુસ છે. ગાયત્રી ઉપાસક ને બદલે માતાજીએ તેમને 'રાજયોગી' તરીકે ઓળખાવ્યા છે, બિરદાવ્યા છે, પ્રસ્થાપિત કર્યા છે. એ તેમનું કર્મ છે, કાર્ય છે. મનુષ્યહૃદયની વેદનાઓના સામ્રાજ્યમાં વિહાર કરતાં કરતાં યોગશક્તિના આશ્રયે તેઓ પરમ તત્ત્વનો દરવાજો બતાવે છે. પરમ તત્ત્વના દરવાજામાં પ્રવેશ કરાવીને જન્મોજન્મનાં કર્મોના બન્ધનમાંથી છૂટવાનો પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે.

નરેન્દ્રજીની નિશ્રામાં જનાર દરેકને પોતપોતાની શ્રદ્ધા અનુસાર પરમ તત્ત્વનો દરવાજો ઘણી સરળતાથી મળી જાય છે. નરેન્દ્રજીની નિશ્રામાં સાચી આધ્યાત્મિકતાની સમજણ અને દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

વાચકો, આવો. હવેથી આપણે 'નરેન્દ્રજીની નિશ્રા'માં મળતાં રહીશું. અને આધ્યાત્મિકતાનાં રહસ્યો પ્રાપ્ત કરતાં રહીશું. માનવહૃદયની વેદનાઓનો, તેનાં દુઃખદર્દોનો, તેની સમસ્યાઓ–વિટંબણાઓનો પરિચય મેળવતાં રહીશું. એ પરિચય મેળવતાં મેળવતાં આપનાં નયનો અશ્રુઓથી ભીંજાઈ જાય, અશ્રુઓને કારણે દૃષ્ટિ ધૂંધળી બની જાય, ધૂંધળી દૃષ્ટિને કારણે 'આધ્યાત્મિક કેડી'ના પાનાંઓ પરના અક્ષરો વાંચી ન શકો તો તમે જાણજો કે તમારો આત્મા જાગ્રત થવા લાગ્યો છે, માનવતાના અંકુરો ફૂટવા લાગ્યા છે. આત્માની જાગ્રતિ દ્વારા ફૂટેલા માનવતાનાં અંકુરોનું તમારા અસ્તિત્વની ભૂમિ પર શ્રદ્ધા અને શરણાગતિ વડે સંમાર્જન કરતા રહેશો તો પરમતત્ત્વની અનુભૂતિ સરળ બની શકશે.

અત્રે ભરૂચના શ્રી જગદીશભાઈ જોશીનો અનુભવ તેમના જ શબ્દોમાં રજૂ કર્યો છે, જે પ્રેરક નીવડી શકશે.

" થોડા થોડા દિવસે ગુરુદેવને મળવા જવાનો મારો વર્ષોનો નિત્યક્રમ રહ્યો છે. પરંતુ હું જ્યારે જાઉં છું ત્યારે મારાં પત્ની ઘરકામની વ્યસ્તતાને કારણે કાયમ સાથે આવવાની અનુકૂળતા કરી શકતાં નથી.



૩

Scanned by CamScanner

આથી હું મોટે ભાગે એકલો જ ગુરુદેવ પાસે જાઉં છું. તેમનાં દર્શન કરી તેમના સાન્નિધ્યમાં થોડો સમય બેસું છું અને પાછો ફરું છું.

હું મારી મુશ્કેલીઓની રજૂઆત પણ ભાગ્યે જ કરું છું સિવાય કે પરિસ્થિતિ ખૂબ ગંભીર અને અસહ્ય હોય. પરંતુ જોવાની ખૂબી એ છે કે જે મુશ્કેલીઓની રજૂઆત હું તેમને કરતો નથી તે અંગે તેઓ સામેથી મને પૂછે છે. જાણે તેઓ એ અંગે બધું જ જાણતા ન હોય! અને વધુ જાણકારી મેળવવા, મારી મૂંઝવણો દૂર કરવાના આશયથી સામેથી એવી રીતે પૂછે છે કે તેમને બધી હકીકત જણાવવી પડે છે. તેમની એ પૃચ્છામાં કેટલી બધી સહૃદયતા સમાયેલી છે! તેમના એ વાણી, વર્તન, વ્યવહારમાં માતા-પિતા, વડીલ, ગુરુ અને એક મિત્રનો પણ અહેસાસ થાય છે.

હું તેમની કુટિરમાં જાઉં કે મુલાકાતના ખંડમાં જાઉં ત્યારે તેમનાં દર્શન કરતાં વેંત, તેમની સામે નજર માંડતાં વેંત, તેઓ પણ મને જોતાં જ, તેમની આંખોમાંથી પ્રસન્નતા-કરુણાર્દ્રતા વરસતી હું અનુભવી શકું છું. તેમનાં ચરણોમાં પ્રણામ કરીને ઊભો થાઉં એટલે તરત જ પૂછે.

"કેમ જગદીશ, આવી પહોંચ્યો? કેમ છે બધું? ઘરમાં બધા મજામાં છે ને?"

તેમના આ શબ્દોની પાછળ રહેલાં પ્રેમ અને સહૃદયતા મારી આંખોને આર્દ્ર બનાવી દે છે. મારી દૃષ્ટિએ આપણે કોઈ સ્વજન પાસેથી પણ આટલો પ્રેમ ભાગ્યે જ મેળવી શકતાં હોઈશું!

એક દિવસ હું મારાં પત્નીને લઈને ગુરુદેવ પાસે ગયો. તેમના ખંડમાં અમે બન્ને પ્રવેશતાં જ તેઓ સાનન્દાશ્ચર્યથી બોલી ઊઠ્યા.

"કેમ, આજે તો કંઈ સજોડે આવ્યાં છો ને!"

તેમનાં ચરણોમાં પ્રણામ કરી મેં કહ્યું: "ગુરુદેવ, દુઃખના માર્યા આવ્યાં છીએ."

"બોલો શું થયું?" ગુરુદેવે સામેથી પૂછ્યું.

મેં ગુરુદેવ સમક્ષ મારાં પત્નીની ડોકના અસહ્ય દુઃખાવા અંગે રજૂઆત કરતાં જણાવ્યું:

"આને છેલ્લા કેટલાક દિવસથી ડોકી રહી ગઈ છે. ખૂબ દુઃખાવો થાય છે. એક ડૉકટરની દસ દિવસ સુધી દવા કરી. પણ કોઈ ફેર ન પડ્યો. આથી અમે બીજા ડૉકટર પાસે ગયા. તેમની પણ પંદર દિવસ દવા કરી પણ કોઈ ફેર ન પડ્યો. આથી તેમણે દવા બદલી પણ પછી તો એવું થયું કે ડોક એક બાજુ ફરી શકતી હતી તે પણ બંધ થઈ ગઈ! દિવસે દિવસે દુઃખાવો વધતો ગયો. રાત્રે ઊઠીને પણ અચાનક રડવા લાગે એટલો સખત દુઃખાવો થતો.

મેં ડૉકટરને કહ્યું કે "મહિનામાં બે વાર દવા બદલી, પણ સારુ થતું નથી."

ડૉકટર કહે, "મને પણ એ જ આશ્ચર્ય થાય છે. તમે એક્સ-રે લેવડાવો. પછી દવા આપું."

અમે એક્સ-રે લેવડાવ્યો. એક્સ-રે જોઈ ડૉકટરે કહ્યું:

"બે મણકાની વચ્ચેની નસ દબાઈ ગઈ છે. આ બિમારી ૫૦-૬૦ વર્ષની ઉંમર પછી થાય છે. પણ તમને નાની ઉંમરમાં થઈ. એનો એક જ ઈલાજ છે કે ગળામાં પટો પહેરવાનો. ત્રણ મહિના કસરત કરવી પડશે. તે માટે હોસ્પીટલમાં જવું પડશે. હું એ ડૉકટરને ચિઠ્ઠી લખી આપું છું. છ મહિના પછી મટશે."

અમે ઘેર આવ્યા.



Scanned by CamScanner

બીજે દિવસે મારા નિયમ મુજબ મારે ગુરુદેવ પાસે જવાનું હતું. મેં મારાં પત્નીને કહ્યું:

"તમે પણ સાથે ચાલો. ગુરુજી કરે તે ખરું."

અમે બન્ને સાથે ગુરુદેવ પાસે અમદાવાદ ગયાં. અમને બન્નેને સાથે જોઈ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું. કારણ મેં અગાઉ જણાવ્યું તેમ મારાં પત્ની ભાગ્યે જ મારી સાથે આવી શકે છે.

છેલ્લા દોઢ મહિનાથી થઈ રહેલા મારા પત્નીના ડોકના દુઃખાવા અંગે ગુરુદેવને જણાવ્યું એટલે પહેલાં તો તેમણે દોઢ મહિનો સહન કર્યું તેથી મને ઠપકો આપ્યો.

મેં કહ્યું: "ગુરુદેવ, આપને નાની નાની બાબતમાં શું તકલીફ આપવી? મને એમ કે આ તો સામાન્ય દુઃખાવો છે તેથી મટી જશે એમ માની સહન કર્યું. હવે દુઃખાવો અસહ્ય થયો તેથી આપની પાસે આવ્યા."

તેમણે ડોકના દુઃખાવાની તકલીફ જાણી લીધા પછી કહ્યું:

**"આપણે પટ્ટો પહેરાવવો નથી. મટાડી દઈએ. કસરત પણ નથી કરાવવી."**

મેં કહ્યું: "ગુરુદેવ, આપનો ખૂબ આભાર."

ત્યાર બાદ તેમણે મારાં પત્નીને પાસે બેસાડી તેની ગરદન પર પોતાની ત્રણ આંગળી પાંચ-સાત વાર ફેરવી!

તેઓ કહે: "મટી જશે."

ત્યાર બાદ અમે ઘેર પાછાં ફર્યાં. પાંચ-સાત દિવસમાં થોડો ફેર પડ્યો. દુઃખાવો ઓછો થયો.

અઠવાડિયા પછી સુરતમાં ગુરુદેવની મુલાકાતનો કાર્યક્રમ હતો. અમે બંને સુરત ગયા. તેમણે પૂછ્યું, "કેમ છે?"

મેં કહ્યું: "પચાસ ટકા ફેર છે."

ગુરુદેવે ફરી હાથ ફેરવ્યો.

કહે, "મટી જશે. ચિંતા કરીશ નહિ."

અમે ઘેર આવ્યા. પછી બે દિવસમાં તો દુઃખાવો સંપૂર્ણ મટી ગયો. ડોક પૂર્વવત્ ફરતી થઈ ગઈ.

**"જે દર્દ મટવા અંગે ડૉક્ટરે છ માસનો ગાળો દર્શાવ્યો હતો તે શ્રી ગુરુદેવના સ્પર્શથી દસેક દિવસમાં મટી ગયું!"**

આમ સન્તના-ગુરુના સ્પર્શમાત્રથી વ્યક્તિનાં આવાં અનેક શારીરિક-માનસિક દર્દોમાંથી રાહત કે મુક્તિ મળે છે. પણ એ ત્યારે જ શક્ય બને જ્યારે તેઓ સ્વયં સામે ચાલી સ્પર્શ કરે. એમાં તેમની આંતરસ્ફુરણા રહેલી હોય છે અને એ આંતરસ્ફુરણામાં તેમની આત્મિક શક્તિનો આવિષ્કાર હોય છે. એ આત્મિક શક્તિના આવિષ્કાર દ્વારા દર્દીના શરીરમાં આધ્યાત્મિક દૈવી શક્તિનાં આંદોલનો સંક્રાન્ત થાય છે. તે સાથે જ શરીર અને મનમાં એક નવી જ પ્રતિકારશક્તિ જન્મે છે અને વ્યક્તિને દર્દમાંથી મુક્તિ મળી શકે છે.

**જગદીશભાઈ જોશી (ભરૂચ)**

⊡



Scanned by CamScanner

# રાધા એટલે શું ?

રાજયોગી નરેન્દ્રજી

ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

આજ રાધા અષ્ટમી કેરો શુભ દિન આવિયો,
નિહાળજો અગોચરથી સહુ કુટિર તણાં મનુજોને.

આજે રાધાષ્ટમી છે. મારો જન્મ રાધા અષ્ટમી ને સાત સપ્ટેમ્બરે થયેલ છે. આજથી ૬૨ વર્ષ પૂર્વે પંચમહાલ જિલ્લાના ગોધરા ગામમાં સિવિલ હોસ્પીટલમાં મેં માનવી તરીકે પ્રવેશ કર્યો. પરમ તત્ત્વે મને પૃથ્વી પર પ્રવેશ અપાવવા માટે માધ્યમ તરીકે મારા માતા-પિતાને પસંદગી આપી. મારા જન્મ સમયે મારા માતા-પિતાએ તથા સગા-વહાલાંએ આનંદ અનુભવ્યો હશે અને અગોચર રહી પરમ તત્ત્વે પણ આનંદ અનુભવીને દુંદુભિ વગાડી હશે કારણ કે સમયના ગર્ભમાં શું છુપાયેલું છે તે તો પરમ તત્ત્વ જ જાણી શકે. સામાન્ય જનસમુદાયે આની નોંધ પણ નહીં લીધી હશે,

રાધા અષ્ટમી ને સાતમી તારીખ કેમ પસંદ કરી હશે તે જણાવું.

રાધા – રા એટલે રામ.
ધા – ધ એટલે ધરતી.
ા કાનો એટલે બાળ.

આ ધરતી પર જે રામ જેવો અથવા જેવી થઈને ફરે તે રાધા.

રામને યાદ કરીએ એટલે મન, વચન, કર્મથી પવિત્ર, ષડ્‌રિપુનો વધ અને નવ સિદ્ધાંતોનો અમલ.

---

"આ ધરતી પર રામ જેવું આચરણ કરે તેને રાધા કહી શકાય. આ સદ્‌ગુણો પ્રાપ્ત કર્યા હોય તેમને સંસારી મનુષ્યો તો પ્રેમ કરે જ, પરંતુ પરમ તત્ત્વ પણ તેને પ્રેમ કરે, જેથી કરીને જ શ્રીકૃષ્ણે આ સદ્‌ગુણો જોઈને રાધા નામ આપ્યું હશે."

---

જેથી આ ધરતી પર રામ જેવું આચરણ કરે તેને રાધા કહી શકાય. આ સદ્‌ગુણો પ્રાપ્ત કર્યા હોય તેમને સંસારી મનુષ્યો તો પ્રેમ કરે જ. પરંતુ પરમ તત્ત્વ પણ તેને પ્રેમ કરે, જેથી કરીને જ શ્રીકૃષ્ણે આ સદ્‌ગુણો જોઈને રાધા નામ આપ્યું હશે.

હવે સાતમી તારીખ પર આવીએ.

સાત – સા – એટલે સાધુ, સંત, સંસાર
ત એટલે તપ, તારનાર.

સાત એટલે સંસારમાં રહી સાધુજીવન ગાળીને બીજાને તારે. આ સાર્થક કરવા માટે સાત તારીખ પસંદ કરી હશે.

આજે ગરબાની રમઝટમાં સૂક્ષ્મ રીતે હાજરી આપી હશે જ. આ તો એમનું પોતાનું રહેઠાણ છે. જેથી આવવાનું જ રહ્યું.

હે માત,
તુજ મિલનની પળો, પૂનમ કેરી ચાંદની,
તુજ વિયોગની પળો, અમાસી અંધકાર.

[સંવત ૨૦૫૦માં રાધાષ્ટમી નિમિત્તે રજૂ કરેલું વક્તવ્ય]

□

# આ દરબારમાં

રાજયોગી નરેન્દ્રજી

આજ આઠમ કેરો શુભ દિન આવિયો,
ભાવિકોનાં હૈયાં હેલે ચડે, રાજયોગી તણા ચોકમાં,
માત મલકાતી મલકાતી નિરખ્યા કરે.

મુજ અરજ માતને,
પાડો પુનિત પગલાં આ ચોકમાં.

હે માત,
બાળ બનાવ, નરમાંથી નારી બનાવ,
માનવમાંથી મોર ને ઘોડો બનાવ.

હજુ શું શું બનાવીશ, ખબર મુજને નથી,
ખબર એટલી દેહ તુજને સમર્પણ
મુજ વિનંતી
રહેવા દે ને જે છે તેને તેમ ને તેમ.

સૈનિક બનીને ફરે, ફેરબદલીની શી જરૂર?
તારા હાથમાં સરકારી હુકમ, મુજ લોકશાહી સાથમાં
સાંભળજે મુજ અરજ,
શ્રદ્ધા તણી કુટિરમાં, રાજયોગી તણા ચોકમાં.

*    *    *

હે માત! પધારો શ્રદ્ધા તણા દરબારમાં,
અહીં મળશે કૃષ્ણ તણો દરબાર,
અહીં મળશે રામ તણો દરબાર
અહીં મળશે જગત તણો ઇતિહાસ આ દરબારમાં,
અહીં મળશે સર્વ શાસ્ત્રો તણાં સૂત્રો આ દરબારમાં.

અહીં મળશે મનુજો આપને ભજનારાં આ દરબારમાં,
અહીં મળશે અડીખમ સૈનિક રાજયોગી આ દરબારમાં,
અહીં મળશે મા-બાળનો પ્યાર આ દરબારમાં,
અહીં મળશે નિઃસ્વાર્થ સેવા તણાં દર્શન આ દરબારમાં.

અહીં મળશે આપને અહર્નિશ આવકાર આ દરબારમાં,
અહીં મળશે આપને ઝૂલો ઝૂલવા તણો આ દરબારમાં,

અહીં મળશે આપને સઘળું મનપસંદ આ દરબારમાં,
મુજ અરજ પધારી જાઓ, સ્થાન ગ્રહણ કરો.
આ ઝૂલા તણા સિંહાસને આ દરબારમાં.

આ દરબાર આપનો જ
આ દરબારીઓ આપના જ
આપ રાખો તેમ રહીશું.
આપ કહેશો તેમ કરીશું.

આપ કાઢશો તોયે નવ જઈશું
આપની ખૂબ ખૂબ સેવા કરીશું
આપને અહર્નિશ ખુશ કરીશું
આપનો આનંદ, અમો આનંદમાં
આપથી વિખૂટાં નવ પાડશો અમોને
જન્મોજન્મ સાથ નિભાવજો
અમ બધાની સાથ
માત, આર્થના તુજને પધારવાની.

તારું ઝાંઝર નંદવાણું
ઝાંઝર નંદવાણું કે નંદાવવામાં આવ્યું
તુજને સબુતની શી જરૂર ?
સબુત તણો તવ અંશ રાજયોગી
ધરતી પર વિચરી રહ્યો છે.

[સંવત ૨૦૫૦ આસો સુદ અષ્ટમીના દિવસે રજૂ કરેલું વક્તવ્ય]

◘

# પ્રાણમાં ૐકારની પ્રતિષ્ઠા

રાજયોગી નરેન્દ્રજી

---

ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

હજારો સાલો બીત ગઈ, આજ કે દિન હાર જીત,

અસત્ય – સત્યકી હુઈ.

અસત્ય ને સત્યે જ્યારથી માનવજાતે જન્મ લીધો ત્યારથી પૃથ્વી પર સ્થાન ગ્રહણ કરી લીધું છે. અતિ વિદ્વાન પ્રખર ઉપાસક એવા દસ માથાવાળા રાવણને આજના દિવસે પરાજય આપ્યો હતો. રાવણ સાથેની લડાઈ અસત્ય ને સત્યની હતી. દસ માથાવાળો રાવણ એટલે એનામાં

દસ રિપુઓ હાજર હતા: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર – આ છ તો ખરા જ. પરંતુ બીજા વધારાના ચાર રિપુઓ હતા:

(૧) દેવને પ્રસન્ન કરી પોતાના રાખવા. (૨) કોઈની સલાહ ન માનવી.
(૩) મહાન વ્યક્તિઓને તુચ્છ સમજવી. (૪) હું જ સર્વજ્ઞ છું એવી સભાનતા.

આ વધારાના ચાર દુર્ગુણો હતા, જેથી તેણે દસ રિપુઓ જેવાં દસ મસ્તકો ધારણ કર્યાં હતાં.

---

**"માનવજાત પાસે તો શક્તિનો અખૂટ ભંડાર છે. તે ધારે તે કરી શકે તેમ છે. ફક્ત તમારી જાતને નિઃસ્વાર્થ સેવા પ્રેમમાં લગાડી જુઓ, આખું તમારું જીવન બદલાઈ જશે. એક નવીન પ્રકારની તાજગી આવશે. જીવન જીવવાનો અનેરો આનંદ આવશે."**

---

ખરેખર બોધપાઠ તો વૃક્ષનો લેવાલાયક છે. જે સતત તાપ, ઠંડી, વરસાદ, આબોહવાનાં તોફાનો વગેરેને જાતે સહન કરીને મનુષ્યને શીતળ છાંયડો આપે છે. પક્ષીઓને રહેઠાણ માટે જગા આપે છે. તેની સેવા નિઃસ્વાર્થ છે. તેની માનવજાત પાસે કશી પણ અપેક્ષા હોતી નથી. તે માનવજાતને ઘણું ઘણું મૂક રહીને આપે છે. બદલામાં માનવજાત તેને (વૃક્ષને) શું આપે છે. કુહાડીના ઘા આપે છે, એ અબોલ વૃક્ષ બધું સહન કરી લે છે, છતાં પણ તેની નિઃસ્વાર્થ સેવા ભાવનાને તે મૂકતો નથી. તે તો પોતાનું કર્તવ્ય નિભાવ્યા કરે છે. ખરેખર, વૃક્ષ માટે નરસિંહ મહેતાની પંક્તિ યાદ કરવા જેવી છે:

પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.



Scanned by CamScanner

આ જ એક મહાનતા છે, વિશાળતા છે. પરદુઃખ એટલે માનવજાતને જે લાકડાં બળતણ માટે, ફર્નિચર માટે, ઘર બાંધવાના કામમાં લાગે, એટલે મનુષ્યની મદદે દોડે છે, લાકડું આપે છે માટે તેને પરદુઃખભંજન કહી શકાય. માનવજાતે આ બાબતનો વિચાર કર્યો છે? જો એક અબોલ વૃક્ષ આટલું મહાન કાર્ય મૂક રહીને કરી શકતું હોય તો માનવજાત પાસે તો શક્તિનો અખૂટ ભંડાર ભરેલો છે. તે ધારે તે કરી શકે તેમ છે. ફક્ત તમારી જાતને નિઃસ્વાર્થ સેવા પ્રેમમાં લગાડી જુઓ, આખું તમારું જીવન બદલાઈ જશે. એક નવીન પ્રકારની તાજગી આવશે. જીવન જીવવાનો અનેરો આનંદ આવશે.

આજે દશેરાને દિવસે જેમ દસ રિપુઓનો નાશ થયો હતો તેમ તમે તમારા ષડ્રિપુઓનો નાશ કરવા તત્પર થઈ જાઓ. આગળ વધો. કમ્મર કસો. વિજય તમારો છે. ષડ્રિપુ અસત્ય છે. તમે સત્ય છો.

પૃથ્વીની ઉત્પત્તિથી દેવો અને અસુરો એટલે સત્ય અને અસત્ય વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરતું હતું. બંને વચ્ચે કાયમ યુદ્ધો જ થતા રહેતા.

દેવોએ વિચાર કર્યો કે આપણે ૐકારની ઉપાસના કરીએ. ૐકારનું મનન, ચિંતન અને આરાધના કરવાથી અસુરોનો નાશ કરી શકીશું.

જેથી દેવોએ શ્વાસમાં ૐકારની પ્રતિષ્ઠા કરીને તેની ઉપાસના કરવા માંડી. અસુરોને ખબર પડી. એટલે તેમણે શ્વાસ એટલે વાયુ, વાયુને કલુષિત કર્યો. પરિણામ એ આવ્યું કે શ્વાસની અંદર સુગંધ સાથે દુર્ગંધ પણ મળતી થઈ.

હવે દેવોએ વાણીમાં ૐકારની પ્રતિષ્ઠા કરી. તેની ઉપાસના કરવા માંડી. અસુરોને ખબર પડી. એમણે વાણીને પણ પાપથી કલુષિત કરી. પરિણામ એ આવ્યું કે ત્યારથી વાણીએ સત્યની સાથે અસત્ય ઉચ્ચારવા માંડયું.

---

"તમે તમારા ષડ્રિપુઓનો નાશ કરવા તત્પર થઈ જાઓ. આગળ વધો, કમર કસો. વિજય તમારો છે. ષડ્રિપુ અસત્ય છે. તમે સત્ય છો."

* * *

"પ્રાણતત્ત્વને (આત્માને) જાણવાવાળાને કોઈ પાપથી કલુષિત કરી શકતું નથી."

---

આ વાતની જાણ દેવોને થઈ. તેમણે ૐકારની પ્રતિષ્ઠા ચક્ષુમાં (આંખમાં) કરી ને ઉપાસના કરવા માંડી. અસુરોને એની ખબર પડી. તેમણે ચક્ષુને પણ કલુષિત કરવા માંડયાં. પરિણામ એ આવ્યું કે ત્યારથી ચક્ષુએ સારું અને ખોટું, જોવા યોગ્ય અને નહિ તે બધું જ જોવા લાગી ગયા.

હવે દેવોએ શ્રવણમાં ૐકારની પ્રતિષ્ઠા કરી તેની ઉપાસના કરવા માંડી. અસુરોએ શ્રવણને પણ કલુષિત કરવામાં બાકી ન રાખ્યું. પરિણામ એ આવ્યું કે સાંભળવા જેવી અને ન સાંભળવા જેવી બધી યે વાતો કાનને અથડાવા લાગી.

હવે દેવોએ મનમાં ૐકારની સ્થાપના કરી. અસુરોએ મનને પણ પાપવાસનાઓથી કલુષિત કરવા માંડયું. પરિણામ એ આવ્યું કે મન સારી અને ખોટી બધી જાતની કામનાઓ કરવા લાગ્યું. એટલે મન પણ ૐકારની સાધના માટે યોગ્ય ન રહ્યું.



Scanned by CamScanner

છેવટે દેવોએ પ્રાણમાં (આત્મામાં) ૐકારની પ્રતિષ્ઠા કરી, તેની ઉપાસના કરવા માંડી. આ વાતની જાણ થતાં અસુરો પ્રાણને કલુષિત કરવા દોડયા. પરંતુ પ્રાણની સામે તેમનું કંઈ ચાલ્યું નહિ. અને માટીનું ઢેફું એરણ પર ચડે તો ભાંગીને ભૂકો થઈ જાય તેમ તે છિન્નભિન્ન થઈ ગયું. દેવો સમજી ગયા કે પ્રાણ (આત્મા) પવિત્ર છે. એના પર પાપની અસર થતી નથી. અર્થાત્ પ્રાણતત્ત્વને (આત્માને) જાણવાવાળાને કોઈ પાપથી કલુષિત કરી શકતું નથી.

આ રીતે આત્માએ (પ્રાણે) દેવોનું રક્ષણ કર્યું.

પ્રાણતત્ત્વ અમર છે. અવિનાશી છે. નિર્વિકાર છે. નિર્લિપ્ત છે. એને નથી સુગંધ-દુર્ગંધ. બીજી બધી ઇન્દ્રિયો પોતપોતાના કામમાં રત રહે છે, જ્યારે પ્રાણતત્ત્વ સ્વધર્મમાં નિર્લિપ્ત રહી, સૌના હિતમાં વ્યસ્ત રહે છે.

માણસનો સ્વભાવ બે પ્રકારનો છે. સારો સ્વભાવ એ દેવ સ્વભાવ, દુષ્ટ સ્વભાવ એટલે અસુર સ્વભાવ. મન બંને તરફ ખેંચાયા કરે છે.

દુષ્ટ સ્વભાવ – અસુર સ્વભાવ કહે છે: ષડ્રિપુઓ પોષીને આનંદથી ખાઈ-પીને મોજ મજા કર.

જ્યારે સારો સ્વભાવ દેવ સ્વભાવ કહે છે: ષડ્રિપુઓને નાથીને, સારા-ખોટાનો વિવેક જાણીને, સમજીને જિંદગી જીવવી જોઈએ.

અંતમાં આપ બધા વિચારી જોજો. અને આજે દશેરાના શુભ દિવસે નક્કી કરજો કે અંધકારને બદલે પ્રકાશ શા માટે ન ફેલાવવો ?

[સંવત ૨૦૫૦ આસો સુદ દશેરાને દિવસે કુટિરમાં વ્યક્ત કરેલું વક્તવ્ય]

□



Scanned by CamScanner

# જાતને તૈયાર કરો

### રાજયોગી નરેન્દ્રજી

ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,

હે માત!
આજ પાંચમો પાટોત્સવ આવિયો
ચાર વર્ષનાં વહાણાં વીત્યાં
નિત-નિત નવા અનુભવ કરાવ્યા હર વર્ષે
વિનંતી સદા ય હાજરી રાખજે રાણી.

આજે પાંચમો પાટોત્સવનો દિવસ છે. આજે સવારમાં બે શુભ પ્રસંગો ઉજવાયા. એક ભાઈ શ્રી શમિકનું લગ્ન અને મારા પૌત્રની કેશકર્તનની વિધિ. આ પ્રસંગો તેમની ઇચ્છાથી જ ઉજવાયા હશે. અને તેઓશ્રીએ અગોચરમાં રહી આશીર્વાદ વરસાવ્યા હશે.

માતાજીએ ૧૯૯૩ના વર્ષમાં અવનવા, અચંબામાં પાડી દે તેવા અનુભવો કરાવ્યા :

(૧) તા. ૬-૯-'૯૩ની સવારમાં 'નીલોપા' પર મોર આવ્યો. તેને અસંખ્ય લોકોએ જોયો, જાણ્યો અને પેટ ભરીને માણ્યો. એ મોર આબેહૂબ આજે બહાર પડતી વિડિયો કેસેટમાં ૩૫ મિનિટ સુધી જોવા મળશે.

---

"જેવાં વાદળાં વરસી જાય છે કે આકાશ સ્વચ્છ થાય છે. તેવી જ રીતે કોઈ પણ મનુષ્ય સંસારમાં રહેતો હોય, છતાં પણ તે માયાનાં આવરણોમાં રચ્યાપચ્યા વગર રહે તો તે આકાશની માફક સ્વચ્છ જ રહે છે. જેટલી સરળતાથી અને આનંદથી જિંદગી જીવો, તો અવશ્ય આધ્યાત્મિક ક્ષેત્રે ડગ માંડી શકશો."

*

આજના જમાનામાં સીધી રીતે ચાલવું બહુ જ મુશ્કેલ છે અને તેમાં ચાલનારો માણસ કસોટીના એરણે ચડે છે. ફિકર ન કરશો. કસોટીના અંતે તેમાંથી સફળ થઈને બહાર આવશે.

---

(૨) આસો સુદ આઠમને દિવસે માતાજીએ તેના ઝાંઝરની ઘુઘરીઓ અર્પી, જે હાજર રહેલી તમામ વ્યક્તિઓએ નિહાળી અને તે આસો સુદ આઠમનો આંખે દેખ્યો અહેવાલ પણ વિડિયો કેસેટમાં નિહાળી શકાશે.



Scanned by CamScanner

આ બધા અનુભવ તો માતાજી કરાવે છે. આપણે બધાં ખુશ થઈએ છીએ. વાહ વાહ પોકારીએ છીએ. પરંતુ આટલેથી અટકી જવાનું નથી. આધ્યાત્મિકતાના પંથે આગળ વધવાનું છે. કંઈક મેળવવાનું છે અને સ્વયં અનુભવ કરવાના છે. પણ કેવી રીતે, શું કરવું? એ પ્રશ્ન થાય છે. તેનો જવાબ તમને મારાં છેલ્લાં ૧૯ વર્ષ તરફ નજર દોડાવો તેનો અભ્યાસ કરો તો તેમાંથી જ મળી જશે. પરમ તત્ત્વની પ્રાપ્તિ માટે, તેમાં આગળ વધવા માટે, સંસાર છોડવાની જરૂરત નથી. સંસારની અંદર રહીને પણ તમે તેમાં પગલાં પાડી શકશો. યાદ કરો, કમળ હમેશાં પાણીની અંદર જ રહે છે છતાં પણ પાણી તેને સ્પર્શી શકતું નથી. આકાશમાંથી વરસાદ વરસે છે. તે જમીનને ભીંજવે છે ને આકાશ સ્વચ્છ રહે છે. આકાશની આગળ જે પાણી સ્વરૂપે વાદળાં હોય છે તેનાથી આકાશ ઢંકાઈ જાય છે. પરંતુ જેવાં વાદળાં વરસી જાય છે કે આકાશ સ્વચ્છ થાય છે. તેવી જ રીતે કોઈ પણ મનુષ્ય સંસારમાં રહેતો હોય, છતાં પણ તે માયાનાં આવરણોમાં રચ્યાપચ્યા વગર રહે તો તે આકાશની માફક સ્વચ્છ જ રહે છે. જેટલી સરળતાથી અને આનંદથી જિંદગી જીવો, તો અવશ્ય આધ્યાત્મિક ક્ષેત્રે ડગ માંડી શકશો.

---

"પરમ તત્ત્વ ખૂબ દયાળુ છે. તમે એક વેંત નમશો, તો તે તમારા તરફ આખો હાથ નમાવશે. પણ તેના માટે પાત્રતા કેળવવાની જરૂર છે. જેમ વર્ગમાં ગુરૂ હોંશિયાર વિદ્યાર્થી પર વધારે ખુશી વરસાવે છે તેવું જ પરમ તત્ત્વનું છે"

---

વધુમાં મારાં આપેલાં નવ સિદ્ધાંતો, ષડ્રિપુનો નાશ એ વધુ મહત્ત્વનાં છે. અત્રે એ યાદ કરાવવું જરૂરી છે કે આજના જમાનામાં સીધી રીતે ચાલવું બહુ જ મુશ્કેલ છે અને તેમાં ચાલનારો માણસ કસોટીના એરણે ચડે છે. ફિકર ન કરશો. કસોટીના અંતે તેમાંથી સફળ થઈને બહાર અવાશે. મારો જ દાખલો લ્યો. કેટલી કસોટી કરી? ને હજુ પણ કરે છે. જેથી આપણે આપણું ધ્યેય છોડવું ન જોઈએ. મનુષ્યનું મુખ્ય કર્તવ્ય આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધવાનું છે. અને તે માટે સતત પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. પરમ તત્ત્વ તો ખરેખર ખૂબ જ દયાળુ છે. તમે એક વેંત નમશો, તો તે તમારા તરફ આખો હાથ નમાવશે. પણ તેના માટે પાત્રતા કેળવવાની જરૂર છે. જેમ વર્ગમાં ગુરુ હોશિયાર વિદ્યાર્થી પર વધારે ખુશી વરસાવે છે તેવું જ પરમ તત્ત્વનું છે.

આવો, બધા આપણે એક છત્ર નીચે ભેગાં મળીને, પ્રયત્ન કરીએ, તો આવતા છઠ્ઠા પાટોત્સવના પ્રસંગ સુધીમાં કંઈક પ્રાપ્ત કરી શકીશું. આના માટે તમારી જાતને તૈયાર કરી દો. હૃદયનો અરીસો સ્વચ્છ બનાવો ને તે જ અરીસામાં તમે પરમ તત્ત્વનાં દર્શન કરો.

મારા આપ સર્વને આશીર્વાદ છે.

[તા. ૯-૧૨-'૯૩ને પાટોત્સવ નિમિત્તે]

□



Scanned by CamScanner

# Cricket

**My Dear Brothers,**

It is my great pleasure to welcome all members of Mafatlal sports group in 'shraddha kutir'.

Cricket is a game of Ups and Down. From Down remove 'D' only, then it will be only own. So cricket is a game of ups and own.

Amongst all some one are playing in test cricket, others are awaiting for opportunity.

I would like to give my some suggestions :

(1) await for opportunity

(2) while playing in critical time, be calm and have faith in yourself and stand on that faith and from that great command over game will come up.

(3) Don't loose self-confidence while playing in situation.

**Rajyogi Narendraji**

[ Address to the cricketers in shraddha kutir on ]



Scanned by CamScanner

# અવનિ પર છ માસ

## રાજયોગી નરેન્દ્રજી

તા. ૧૨-૧-'૬૪ ને બુધવારની રાત્રે લેસ્ટરમાં હું સૂતો હતો. લખતાં લખતાં સૂઈ ગયો હતો ને મને એક સ્વપ્ન આવ્યું તે નીચે મુજબનું હતું :

હું જાણે કે માતાજીને ધરતી પર સાક્ષાત્ સદેહે જગતના કલ્યાણાર્થે લાવવા માટે જાઉં છું. ત્યાં જઈને જોયું તો એક ભવ્ય રાજમહેલ હતો. માતાજી મહેલમાં અંદરના ભાગમાં સિંહાસન પર બિરાજમાન હતાં. સફેદ આરસના મહેલમાં મિનારાઓ અને ઘુમ્મટ હતા. લાલ જાજમ જમીન પર બિછાવેલી હતી. દેદીપ્યમાન પ્રકાશથી મહેલ ઝળહળતો હતો. મહેલમાં સંત્રીઓ હતા.

મને જોઈને દરવાજા પર ઊભેલા સંત્રીઓએ મારી ઓળખ માંગી. મેં કહ્યું, 'હું માનો બાળ છું ને માને મળવા માટે ધરતી પરથી આવ્યો છું' જેથી એક સંત્રી મારી સાથે આવ્યો અને મને માતાજી પાસે દોરી ગયો. તે વખતે માતાજી એક રૂમમાં તેમના સિંહાસન પર બિરાજમાન હતાં. માતાજી એક મુખે, સાદાં આભૂષણો અને સાડી પરિધાન કરી હાસ્ય વેરતાં બિરાજમાન હતાં.

મને રૂમમાં દાખલ થતાં નિહાળીને માતાજી એકદમ હર્ષાવેશમાં સિંહાસન પરથી ઊઠીને દોડતાં આવીને ભેટી પડયાં અને મારો હાથ પકડીને મને સિંહાસન પાસે દોરી ગયાં. માતાજીએ સિંહાસન પર બેઠક લીધી અને મેં તેમની સામેની બેઠક લીધી. ત્યાર બાદ તેમણે મને પ્રશ્ન કર્યો કે અત્રે કેમ આવવું પડયું ?

મેં વિનંતી કરતાં કહ્યું, 'માતાજી, ધરતી પર માણસો ખૂબ દુઃખી છે અને આધિ, વ્યાધિ, ઉપાધિના વમળમાં ફસાયેલાં છે. હું એકલો પહોંચી શકતો નથી અને મારું હૃદય તે જોઈને ખૂબ વ્યાકુળ થઈ જાય છે. માટે આપ જો સાક્ષાત્ પૃથ્વી પર પધારો તો જગતના માનવીઓનાં દુઃખ દર્દ દૂર કરી શકાય. માટે હું આપને સાક્ષાત્ સદેહે ધરતી પર લઈ જવા સારુ આવ્યો છું.'

ત્યાર પછી પણ માતાજીને ખૂબ ખૂબ વિનંતીઓ અને કાલાવાલા કર્યા. થોડીક ક્ષણો બાદ માતાજી કહે, "થોભ, હું વિચાર કરું."

મેં કહ્યું, "માતાજી, થોભવા માટે સમય બગાડું તે મારા માટે ઉચિત નથી કારણ કે પીડિત માનવીઓની વણઝાર મારી રાહ જોતી હશે."

થોડી વારના મૌન બાદ માતાજી મરક મરક હસ્યાં ને કહે. "ચાલ, હું તારી સાથે આવું છું."

ત્યાર બાદ અમે બંને જણ તા. ૧૨-૧-'૬૪ને બુધવારની મધ્યરાત્રીએ અવનિ પર 'શ્રદ્ધા' કુટિર, અમદાવાદમાં આવ્યાં.

માતાજીના આગમન સમયે આકાશમાંથી વરસાદ થયો અને બરફનાં કરાં પડયાં. માતાજી માટે રહેવા માટે મેં મારો રૂમ ખાલી કરી આપવાનું કહ્યું, પરંતુ તેમણે ખાલી કરવાની ના કહી અને મારી સાથે જ રૂમમાં રહ્યાં. સૂવા માટે પલંગની જુદી વ્યવસ્થા કરવાની ના પાડી અને મારી સાથે જ પલંગમાં સૂવા જણાવ્યું. તેમણે કહ્યું કે 'પલંગમાં તું મારી જગ્યા રાખે જ છે. તે જ મારે ચાલશે' અને હાસ્ય વેરતાં મને વાત્સલ્યસભર એક ધબ્બો બરડામાં માર્યો. મેં માતાજીને જણાવ્યું કે ઊંઘમાં મારો હાથ-પગ આપને અડકી જાય, તો માતાજી કહે, "વાંધો નહિ, તું મારો બાળ છે."



Scanned by CamScanner

સવારે મારી જ રૂમમાં અને બાથરૂમમાં તૈયાર થતાં. સવારે મારી જ રૂમમાં અમે બધાં-અમે ચારે જણ-માતાજી, હું, કુસુમબહેન, બહેનજી સાથે જ ચા-નાસ્તો કરવા બેસતાં. માતાજી ચા-નાસ્તો કરતાં હતાં.

ત્યાર બાદ સવારે ૧૧ વાગ્યે તૈયાર થઈને માતાજી સાથે 'નીલોપા' પર જવા રવાના થતાં. તેઓશ્રી મોટરમાં મારી બાજુમાં બેસતાં અને પાછળ બહેનજી અને ઉષાબહેન બેસતાં. મોટરમાં બેઠાં પછી થોડીક ક્ષણોમાં માતાજી અદૃશ્ય થઈ જતાં અને હું મારી બાજુમાં અગોચર રૂપે જોઈ શકતો હતો. 'નીલોપા' પહોંચ્યા બાદ તેઓ સદેહે મોટરમાંથી ઊતરી ઘરમાં આવતાં અને મુલાકાતની રૂમમાં મારી બેઠક પર બિરાજમાન થતાં. હું બાજુની ખુરશીમાં બેસતો. શરૂઆતની પાંચેક મિનિટ સુધી મુલાકાતીઓને સાક્ષાત્ તેમનાં દર્શન થતાં. ત્યાર બાદ માતાજી અગોચર રૂપે હાજર રહેતાં જે હું એકલો જ જોઈ શકતો. માતાજી પધાર્યાની જાણ થવાથી પુષ્કળ માણસો મુલાકાત માટે 'નીલોપા' પર આવતાં, જેથી કરીને માતાજીની આજ્ઞાનુસાર દરેકને આશીર્વાદ જ આપવામાં આવતાં. કોઈ પણ જાતની વાતચીત, જીવનજળ કે આદેશ આપવામાં આવતો નહિ. ફક્ત દર્શન માત્રથી મુલાકાતીઓનાં કાર્યો થઈ જતાં.

બપોરે પરત ઘરે 'શ્રદ્ધા'માં આવતાં. સાંજે ભોજન માટે માતાજીએ જણાવ્યું કે, જે ભોજન બનાવવાનું હોય તેનું લીસ્ટ તૈયાર કરી તેમને આપી દેવાનું ને તે મુજબ ડાઇનિંગ ટેબલ પર 'બાઉલ્સ' –વાસણો ઢાંકીને મૂકી દેવાનાં. ત્યાર બાદ માતાજી દરેક વાસણ પર તેમનો હાથ મૂકે અને લીસ્ટ પ્રમાણેની રસોઈ તે વાસણોમાં રાંધેલી ગરમાગરમ તૈયાર આવી જતી. ત્યાર બાદ ટેબલ પર અમે બધાં સાથે જમવા બેસતાં. માતાજી મારી જગ્યાએ બેસતાં. હું બાજુમાં બીજી ખુરશીમાં બેસતો. જમણ ચાલુ કર્યા બાદ ૨–૩ મિનિટ માતાજી બેસતાં અને બધાંને દર્શન થતાં. પછી અગોચર રૂપે મને એકલાને જ દર્શન થતાં હું જોઈ શકતો. જમીને રૂમમાં પરત આવતાં. સાંજે છ વાગ્યે કુટિરમાં સાથે આવતાં અને ઝૂલા પર બિરાજમાન થતાં અને હું બાજુમાં ખુરશી પર બેસતો. શરૂઆતમાં કુટિરમાં જે શ્રદ્ધાળુઓ આવ્યાં હોય તેઓને અને બીજી પાંચ મિનિટ સુધી સદેહે હાજર રહેતાં. અને પછી અગોચર રૂપે રહેતાં. જે હું જ તેમને જોઈ શકતો અને માર્ગદર્શન મેળવી શકતો. 'શ્રદ્ધા'માં પણ મુલાકાતીઓની વણઝાર ચાલુ રહેતી. અને જે જે મુલાકાતીઓ આવતા તેઓનાં બધાં જ કાર્યો દર્શન માત્રથી થઈ જતાં.

વધુમાં તેમણે નીચે જણાવેલ વ્યક્તિઓને નવયૌવન બક્ષ્યું હતું :

રાજયોગી નરેન્દ્રજી – મને પોતાને, કુસુમબહેન, કૈલાસબહેન, ઉષાબહેન, નલિનકાંત, મંજુબહેન, સતીશભાઈ, વોચમેન લાલજીકાકા અને અમરસિંહભાઈ.

કુટિરમાં નિયમિત આવતાં વૃદ્ધ સ્ત્રી–પુરુષોને પણ યુવાની બક્ષી હતી.

મને માતાજીએ પુરુષ અવયવોની સાથે સાથે જ એક જ શરીરમાં નારીના અવયવોનું એક જ મુખારવિંદ રાખીને શરીરના પાછળના ભાગમાં નિરૂપણ કર્યું હતું.

માતાજી આશરે છ માસ સુધી 'શ્રદ્ધા'માં રહ્યાં હતાં. તેઓ રહ્યાં ત્યાં સુધી સુખ સમૃદ્ધિથી ભક્તો અને સમગ્ર વાતાવરણ ભરેલું રહ્યું.

એક દિવસ માતાજીએ કહ્યું, "મારે હવે પરત જવું છે પરંતુ હું તારી પાસે આવતી રહીશ." હું શિસ્તબદ્ધ સૈનિક હોવાથી કંઈ પણ જવાબ આપી ન શક્યો 'તેથી મારી મૂક સંમતિ સમજી માતાજી વિદાય થયાં. હું તેમને જતાં જોઈ રહ્યો.

□



Scanned by CamScanner

# રાસની રમઝટ

રાજયોગી નરેન્દ્રજી

તા. ૧૮-૨-૯૪ ને મંગળવારે રાત્રે લેસ્ટરમાં હું સૂઈ ગયો હતો ત્યારે સ્વપ્નમાં સરી પડયો. હું જાણે કે અમદાવાદમાં 'શ્રદ્ધા'માં મારી રૂમમાં સૂઈ ગયો છું. માતાજી મારા રૂમમાં આવ્યાં અને મને કહે, 'ચાલ તૈયાર થઈ જા. આપણે જવાનું છે.'

આજ્ઞાંકિત બાળકની જેમ હું તૈયાર થઈ ગયો. મેં લેંઘો અને ઝભ્ભો જ પહેર્યો હતો. અમે થોડુંક ચાલ્યા પછી હેલિકોપ્ટર જેવું એક વાહન આવ્યું. માતાજી અને હું તેમાં બેઠાં. માતાજી હેલીકોપ્ટર ચલાવતાં હતાં.

ઊડતાં ઊડતાં અમે હરદ્વારમાં આવ્યાં. ત્યાંથી ગાઢ જંગલો વટાવતાં હેલિકોપ્ટર એક ગુફા આગળ ચોગાનમાં ઊતર્યું. અમે ગુફામાં પ્રવેશ કર્યો અને ગુફામાં ઘણે ઊંડે સુધી નીચે ઊતર્યાં, ત્યાં ભવ્ય સફેદ આરસનો મહેલ હતો.

મહેલનું વાતાવરણ સ્વર્ગીય અને દિવ્ય લાગતું હતું. અમે મહેલમાં દાખલ થયાં. ત્યાં એક મોટા રૂમમાં ઘણા યુવાન સ્ત્રી-પુરુષો સુંદર આકર્ષક દેહાકૃતિમાં સુંદર વસ્ત્ર પરિધાન કરેલાં, એકબીજાથી પરિચિત હોય તેમ હાસ્યવિનોદ કરતાં હતાં. માતાજી અને હું ત્યાં આગળ ઊભાં રહ્યાં. માતાજીને બધાંએ મારા તરફ અંગુલિનિર્દેશ કરી પૂછ્યું,

"આ કોણ છે!"

માતાજીએ કહ્યું "પછી કહું છું."

થોડી જ વારમાં દિવ્ય, અવર્ણનીય સંગીતના સૂરો વાયુમંડળમાં વહેવા શરૂ થઈ ગયા અને આ સંગીતના તાલમાં સહુ રાસ રમવા લાગ્યાં. લગભગ સો સ્ત્રી પુરુષોની જોડી રાસમાં જોડાઈ હતી. માતાજી અને હું પણ આ રાસમાં જોડાયાં. થોડી વાર માતાજી સાથે રાસ રમ્યા પછી માતાજીએ મારું બાળ સ્વરૂપ ચાર-પાંચ વર્ષના બાળક જેવું બનાવી દીધું. રાસ રમતી વખતે મારો ડ્રેસ ચોરણી, પહેરણ અને કેડે કેડિયું આવી ગયાં હતાં.

માતાજીએ અને આ બધાં જ દિવ્ય સ્ત્રી-પુરુષોની જોડીએ મને ઊંચકીને અતિ વહાલથી રાસમાં રમાડયો. લગભગ બે-ત્રણ કલાક સુધી રાસની રમઝટ ચાલી હશે. પછી સંગીત વાગવાનું બંધ થયું અને રાસ રમાતો પણ બંધ થયો. માતાજીએ મને મારા અસલ સ્વરૂપમાં લાવી દીધો. મારા બાળ સ્વરૂપ દ્વારા માતાજીએ બધાંને મારી ઓળખ કહ્યા વગર જ 'માનો બાળ' છું તે આપી દીધી. અમે ઘરે પરત આવ્યાં. હું પથારીમાં પછડાયો તેવો જ સફાળો જાગી ગયો. જોયું તો લેસ્ટરમાં પલંગમાં હતો. સવારના ચાર વાગ્યા હતા.



Scanned by CamScanner

# મારા સરકાર

સતીશભાઈ ભટ્ટ

ગોધરામાં તા. ૭-૯-૧૯૯૩-ભાખો-બાળક નરેન્દ્ર-ગોધરાવાળા બાપુલાલ વૈદ્યનો દીકરો નરેન્દ્રભાઈ-નરેન્દ્રભાઈ બી. દવે-દવે સાહેબ-ગાયત્રી ઉપાસક શાસ્ત્રીજી-પૂજ્ય ગુરુદેવ-રાજયોગીજી-નરેન્દ્રજી મ્હારા સરકાર.

આપ જે હોય તે : મારી ઓળખાણ અને પ્રત્યક્ષ પરિચય નરેન્દ્રભાઈ બી. દવેથી શરૂ કરીને આજ સુધીમાં મારા સરકાર સુધીની છે. ખાતરી છે કે તે ઠેઠ સુધી જ રહેશે.

હૃદયનું બારણું હવે એવું તો જડબેસલાક બંધ કરી દીધું છે કે તિજોરીમાં મૂકેલું આ અમૂલ્ય ઝવેરાત, પરમાત્મા તેના અસલી રૂપે મારી સમક્ષ ના આવી શકયો તો રાજયોગીજીનું શરીર ધારણ કરીને આવ્યો તેને કોઈ પણ ઉપાડી લઈ જઈ શકે તેમ નથી. વર્ષો પૂર્વે કોઈ સન્માનનીય જ્યોતિષીએ ભાખેલું કે કોઈક મળશે જે દોરી જશે, તારી જશે, કિનારે ઉતારી જશે - કોઈ પૃથ્વી પરનો પ્રભુ થશે.

યોગાનુયોગ સન ૧૯૭૫નો ઉત્તરાર્ધ હતો. હું નોકરીમાં ચાલુ હતો. અવારનવાર દફતરમાંથી કેસના કાગળો લઈ કોર્ટમાં કે વકીલ પાસે બહુમાળી મકાનમાં જવાના પ્રસંગો થયા કરતા. યાદ રહે કે શ્રી દવેસાહેબ રાજયોગીજી પણ બહુમાળીમાં પાંચમે માળે સુટ-બુટ-ટાઈ સજ્જ અધિકાર ખુરશી તે સમયે શોભાવી રહ્યા હતા. 'સંદેશ'માં એક દિવસ તેઓશ્રીનો લેખ પ્રગટ થયો "ગાયત્રીમંત્ર-પરમ શક્તિ મંત્ર જીવનમાં ચમત્કાર સર્જે છે-સ્ત્રીઓને પણ ગાયત્રીમંત્ર કરવાનો અધિકાર છે.' મેં તે વાંચ્યો-શ્રદ્ધાળુ અને ખૂબજ અભ્યાસી-જાણકાર કલીગ મિત્રની પ્રેરણાથી. શરૂ શરૂના દિવસોમાં તો મન આ દિશામાં કંઈ કરવા માનતું નહીં થયેલું પણ, વારંવાર ટકોરાતાં એક દિવસ પાંચમે માળે ચઢી ગયો. ઇન્દિરાજીએ ઈમરજન્સી લાદી હતી. દવે સાહેબ સરકારી દમામવાળી અધિકારી હતા એટલે મળું કે ના મળું-To be or not to be-થયા કરતું. છેવટે મળ્યો અને મળ્યો તે મળ્યો જ-આજની ઘડી ને કાલનો દિવસ-દવે સાહેબથી રાજયોગીજી અને મારા સરકાર સુધી ઠેઠ મળ્યો કારણકે દવે સાહેબ તો-He saw, He came and he conqueredની જેમ છે. બહુમાળીમાં મળ્યા-સિવિલ હોસ્પિટલના મેટ્રન કવાર્ટરમાં મળ્યા-પુષ્પકુંજે મળ્યા-અને 'નીલોષા'તીર્થે મળ્યા. ફુલવાડી ગુલઝાર બની ગઈ. હવે તો તેમની 'શ્રદ્ધા'માં ઘૂસી ગયો છું-ખોવાઈ ગયો છું. જીવન ઘડતરનો એકાદ 'બીટ' પણ જો આઘો પાછો થાય છે તો તેમના કાર્ડિયોગ્રામ સમક્ષ ઉપસ્થિત થઈ જાઉં છું-આશીર્વાદના હાથથી હરખાઈ, જીવનજળના ઘૂંટડા ભરી લઉં છું-ફરુ છું. હરું છું. રમુ છું. કેદુ છું. ગાઉં છું-સ્વાન્તઃ સુખાય.

તેમના ભૌતિક અને સૂક્ષ્મ બંને સ્વરૂપોમાંથી નીકળતી આભા, સ્પંદનો, કિરણો, તેજરેખાઓ, સુગંધોને બે હાથ ને શિરથી ઝીલાય તેટલી ઝીલીને કાવ્યોર્મિઓનું ગાન તાન કર્યા કરું છું. ઊર્મિઓ તેઓશ્રીના શ્રીચરણે અર્પણ કર્યા પશ્ચાદ્ આનંદની જે કંઈ પોટલી ભેટ તે આપે છે તે જાળવી રાખું છું-બહુ જ જરૂર પડે કરકસરથી ખર્ચ્યા કરું છું-મૂડીના વ્યાજમાંથી જીવ્યા કરું છું-મૂડી અકબંધ 'ફિર મિલે ન મિલે!'

હે અવધૂતી આનંદ! મને તમારી પથારીએ, ધૂણીએ, મહેફિલે, ભલે હું છેલ્લો બેસીશ પણ એટલું કરજો-મને બેસવા દેજો! મને તમારા બ્રહ્માનંદની ભભૂતિથી ભરી દેજો. મને તમારા 'મા' આલાપના અવસરે અવશ્ય હાજર રહું તેવી આશિષમાં ડૂબાડી દેજો. પછીથી હું ન બનું, કશું જ બચી ન શકે-હરિ ૐ મા ૐ.



Scanned by CamScanner

એક વિચારક કહે છે – એક કોરા કાગળ ઉપર વસિયતનામું લખાય, કોઈ એક કોરા અંતરદેશીય પત્ર ઉપર પ્રેમપત્ર લખાય, કોઈ કોરા કાગળ ઉપર સો રૂપિયાની નોટ છપાય, કે પીળા રદ્દી કાગળ ઉપર એપોઈન્ટમેન્ટ ઓર્ડર લખાય, આ કાગળના નાના ટુકડામાં કોઈક કુશળ તબીબે નાડ પારખી દર્દના સાચા નિદાન રૂપે રામબાણ ગોળીયો બંધાય. આ બધાય પ્રસંગે હળવાફુલ કાગળના નાના સરખા ટુકડાનું કેટલું બધું વજન વધી જાય છે. રાતે સૂતા હોઈએ ને ઓચિંતો કોઈક માઠા સમાચારનો તાર આવે તો એ કાગળના ટુકડાનું વજન કેટલું વધી જાય છે! તપેલીમાં તેલ જોખી આપતી વખતે વેપારી તપેલીનો ઘડો કરે છે–સામે પલ્લે ઘડો કરે છે. બટાકા મૂકીને, ડુંગળી મૂકીને, પત્થરના ટુકડા મૂકીને. તપેલીને ઘડાના વજનથી સમતોલ કરી નાખે છે. જગત વ્યક્તિનો ઘડો પળેપળે કરે છે.

તપેલીનું મહત્ત્વ રહેતું નથી. સઘળીય હકીકતો, પ્રસંગો, પરિસ્થિતિઓ પ્રત્યેક જીવનનો ઘડો કર્યા કરતી જ હોય છે. આ ક્રિયા–પ્રક્રિયા સતત ચિરંતન કાળથી ચાલુ છે. અહીં સુધી કોઈ ફરિયાદ નથી. કશું અસ્વાભાવિક નથી. કોઈની કશી કસુર નથી.

ઘડાનું પણ મહત્ત્વ નથી. તપેલીમાં શું લાવ્યો–શું પામ્યો તે અગત્યની વાત છે. કોઈએ ધંધાનો, કોઈએ વ્યવસાયનો, કોઈએ નોકરીનો, કીર્તિનો, લક્ષ્મીનો ઘડો કર્યા જ કર્યો હોય છે. તત્ત્વતઃ આ બધું, કહીએ કે કર્માધીન છે. જે કંઈ આનંદ ઘેર લઈ આવીએ તે જ મહત્ત્વનું છે. તે જ ઉપલબ્ધિ છે. બહુ ઓછા મનુષ્યોને આ પ્રાપ્ત થાય છે.

---

**"મારી જગતે ઘડો કરેલી જીવનતપેલીમાં તમારા અસ્તિત્વના, અસ્મિતાના, હાજરીના, આનંદના, આશિષના વજનથી ભરેલી રાખજો, મારા સરકાર! એ જ અભ્યર્થના, એ જ મારી લાયકાત, એ જ ઉપલબ્ધિ છે અને હશે. જગતની કોઈ ઉપલબ્ધિ–વજન–ભાર–આ ખભો કે શિર હવે ઉઠાવવા તૈયાર નથી જ."**

---

જીવનમાં જે કંઈ વર્ષો મળ્યાં તેમાં કેટલું જીવન રેડાયું–ઉમેરાયું તેટલી સમજણ જ પર્યાપ્ત છે. ઉંમરલાયક થવાય, લાયક થવું કઠિન છે. યશોદાને મન અર્જુનને ગીતાનો ઉપદેશ દેનાર યોગેશ્વર કૃષ્ણ–"મારો કૃષ્ણ" જ રહ્યો. માતા પ્રસન્નાને મન રાજયોગીજી મારો "નરેન્દ્ર" જ રહ્યો. માસુમિયત જ લાયકાત અર્પે છે. નાદાનિયતને અલવિદા આપવી જ રહી. મા ગાયત્રીએ જગતને રાજયોગીજી આપ્યા પરંતુ પોતે તો 'બાળક' તરીકે જ તેમને સ્વીકાર્યા, રાખ્યા, સંભાળ્યા, સંવર્ધ્યા, સંબોધ્યા.

આ સઘળી હકીકતો ખૂણેખાંચરેથી વાળીઝૂડીને એકઠી કરીને આ કૃષ્ણ–આઠમે આઠે અંગે આપની માસુમિયતને, બાબાથી રાજયોગીજી સુધીના તેજોમય અસ્તિત્વને પ્રણમું છું. મારી જગત ઘડો કરેલી જીવનતપેલીમાં તમારા અસ્તિત્વના, અસ્મિતાના, હાજરીના, આનંદના, આશિષના વજનથી ભરેલી રાખજો, મારા સરકાર! એ જ અભ્યર્થના, એ જ મારી લાયકાત, એ જ ઉપલબ્ધિ છે અને હશે જ. જગતની કોઈ ઉપલબ્ધિ-વજન-ભાર આ ખભો કે શિર હવે ઉઠાવવા તૈયાર નથી જ.

[જન્માષ્ટમી, તા. ૧૧–૮–૯૩.]

**આજનો પરમ પુણ્ય દિવસ, ધન્ય ઘડી તે તા. ૯-૧૨-૧૯૯૩-પાટોત્સવ-અઢામાં.**

૯–૧૨–૧૯૯૩નો એકાંકી આંક કાઢીએ તો ૭ (સાત) થાય છે. ૭ (સાત) એટલે રાજયોગીજીનું પૃથ્વી પર પ્રાગટ્ય. તા. ૭–૯–૧૯૩૨નો એકાંકી આંક કાઢીએ તો ૪ (ચાર) થાય. ૪ (ચાર) એટલે પરમનું 'નીલોષા' પર પ્રાગટ્ય. એટલે કે આમ કહી શકીએ કે જેમ "ૐ મા ૐ" છે તેમ માતાજીના મનમાં "મા રાજયોગી મા" આ બીજો પર્યાય (Alternative) છે. મા પોતાના બાળકને કેવો

ઢાંકી ઢબુડીને, જતન કરીને રાખે છે તેનું ગણિત નિદાન આવું છે. પોતાના બન્ને પ્રાગટ્ય વચ્ચે પોતાના બાળનું પ્રાગટ્ય જાળવ્યું છે. હરકોઈ 'મા'નો સ્વભાવ આવો છે. બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે જતન આપે તે 'મા'. સંસ્કૃતમાં मा એટલે એક અર્થમાં–નહીં કે ના–પોતાના બાળથી અધિક અન્ય કશું નહીં. માતૃત્વ એટલે સંપૂર્ણ મમતા રખોપત. જનનીની જોડ કોઈ કાળે નહીં જડે.

ઈશ્વર પણ કોઈ મહાન ગણિતજ્ઞ-Mathematician છે. આ બ્રહ્માંડથી માંડીને તેની સકળ ગણનાપાત્ર કૃતિઓ ગોળ છે–તેને પૂછો કે અંત નથી–ક્યાં આદિ, ક્યાં અંત શોધી શકાતો નથી. જગતનો પ્રત્યેક જીવમાત્ર-ચેતનમાત્ર વર્તુળના તરંગના કોઈ પણ એક પરિઘ પર ઊભેલો છે. વર્તુળના ક્ષેત્રફળને ધ્યાનમાં લઈ પોતાના પરિઘ બિંદુથી ત્રિજ્યાના મધ્યબિંદુ તરફ પ્રયાણ કરવાનું રહે છે. ગણિતનો સિદ્ધાંત કહે છે — વર્તુળનું ક્ષેત્રફળ એટલે $\pi$ ર² → ૨૨/૭ × ત્રિજ્યાનો વર્ગ. યાદ રહે કે ૭ (સાત) વડે ભાગાકાર કર્યા સિવાય ક્ષેત્રફળ પાર પામી શકાતું નથી. આ સાતનો આંક રાજયોગીજીને વરેલો છે–રાજયોગીજી પણ વિજ્ઞાનના વિદ્યાર્થી છે–ગણિતજ્ઞ છે. માના હૃદય કેન્દ્રમાં રહેલા રાજયોગીને પામવા માટે સાત વડે ભાગ્યા સિવાય ગણિત અધૂરું કે ખોટું પડે છે. સાત એટલે ૬ (૭) સંસારના રસ અને સાતમો તે (૭) બ્રહ્મ રસ – ૭ રિપુઓ અને સાતમો બ્રહ્માનંદ – આ બંને હકીકતોના અતિરિક્ત એટલે રાજયોગી–સરકાર–માના છડીદાર.

---

**"માના હૃદય કેન્દ્રમાં રહેલા રાજયોગીને પામવા માટે સાત વડે ભાગ્યા સિવાય ગણિત અધૂરું કે ખોટું પડે છે. સાત એટલે ૬ (છ) સંસારના રસ અને સાતમો તે બ્રહ્મરસ. છ રિપુઓ અને સાતમો તે બ્રહ્માનંદ. આ બંને હકીકતોના અતિરિક્ત એટલે રાજયોગી – સરકાર – માના છડીદાર."**

---

જાણ્યમાં છે – કોઈક ગણિતજ્ઞે કહ્યું છે કે ગણિતની વાસ્તવિકતાથી, ગણિત વડે જ ઈશ્વરને પણ પામી શકાય છે. આલ્બર્ટ આઇન્સ્ટાઈને કહ્યું છે કે અણુનાં વિભાજીત અંગો – પ્રોટોન, ન્યુઓન અને અરગોનને પણ જો આગળ સૂક્ષ્મ રીતે વિભાજીત કરીએ તો અણુગ્રહસ્યથી પણ અગણિત શક્તિ સ્ફોટ પામીએ – આ શક્તિ તે પરમાત્મા. અણુનું વિભાજન એટલે તેનાં ઉપરોક્ત ત્રણ અંગો એટલે ઉત્પત્તિ શક્તિ, સ્થિતિ શક્તિ અને લયશક્તિ – બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. સાપેક્ષવાદ (Theory of relutivity)માં આઇનસ્ટાઈનનો નક્કર આશાવાદ પ્રગટ થાય છે કે વિજ્ઞાન અને ઈશ્વરને ગાઢ સંબંધ છે–બન્ને એક બીજાથી પાસે છે–સ્નેહગાંઠ છે.

કોઈની વિમુખતા નથી. સાર્થકતા છે. ઈશ્વર કોઈ અદ્ભુત આશ્ચર્ય છે, અહોભાવ છે. પછાયી એમ જ લાગ્યા કરે કે હવે કાંઈ નહિ–બસ આ જ સ્થિતિ–ઉપસ્થિતિ–પરિસ્થિતિ.

અમો સર્વે ભક્તજનો આજે અમારો હાથ લંબાવીને છતી અને ખુલ્લી હથેળી રાખીને જ આપની નિશ્રામાં હાજર છીએ—"ધર્મી દાતાર અમને કંઈક"...અમારી સર્વે ભાગ્યરેખાઓ આપના હાથમાં છે.

તર્કની કલમને આ ગણિતની વાસ્તવિકતાની નક્કરશાહીમાં ઝબોળ્યા સિવાય રાજયોગીનું ગણિત ગણવું મુશ્કેલ છે–નાળિયેરનું ટોપરું ખાવા જેવો આ ન્યાય છે–બળથી છોડાં ઉખેડવાં પડે, નક્કર સપાટી સાથે કાચલી તોડવું પડે, અને ટોપરાને છરી વતી છૂટું પાડ્યા પછી જ આસ્વાદને પાત્ર બનાય છે.

□



Scanned by CamScanner

# 'ષડ્‌રિપુ' : એક ચિંતન

માનવબન્ધુના દુઃખદર્દભર્યા સામ્રાજ્યમાં વિહરતા રાજયોગી નરેન્દ્રજીએ માનવીના ભૌતિક તેમ જ આધ્યાત્મિક શ્રેયાર્થે ષડ્‌રિપુ નામની એક ઓડિયો કેસેટ બહાર પાડી છે. આ ષડ્‌રિપુમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સરનો સમાવેશ થાય છે. આ છ, યે મુદ્દાઓ અંગે 'આધ્યાત્મિક કેડી' ના અંકોમાં લેખો પ્રગટ થઈ ચૂક્યા છે. પણ આ ઓડિયો કેસેટમાં થોડાક સુધારા-વધારા સાથે આ છ, યે મુદ્દાઓ પરત્વે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે. રાજયોગીની અનુપસ્થિતિમાં તેમનો અવાજ સાંભળવાના આશયથી કેટલાક ભક્તોએ તેમનો અવાજ ધ્વનિમુદ્રિત કરી આપવાની કરેલી માગણીના અનુસન્ધાનમાં પૂ. શ્રી. નરેન્દ્રજીએ 'ષડ્‌રિપુ' નામની આ ઓડિયો કેસેટ બહાર પાડી છે.

આ અગાઉ તેમણે 'ઉપાસકોને માર્ગદર્શન', 'મારાં સંસ્મરણો' અને 'સાક્ષાત્કાર' અંગેની ત્રણ ઓડિયો કેસેટ બહાર પાડી હતી. ત્યાર બાદ તેમણે આ કેસેટ બહાર પાડી છે.

વ્યક્તિ કોઈ પણ જ્ઞાતિ, ધર્મ કે સમ્પ્રદાયની હોય કે કોઈ પણ દેશની હોય, દરેક વ્યક્તિને માટે 'ષડ્‌રિપુ'ની આ ઓડિયો કેસેટ જીવનમાં ઉપકારક અને દીવાદાંડી સમાન બની રહેશે, એમ હું માનું છું.

વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, દેશની કે વિશ્વની સાંપ્રત પરિસ્થિતિના અનુસન્ધાનમાં વાત કરીએ તો ષડ્‌રિપુ અંગે પૂ. શ્રી નરેન્દ્રજીએ જે દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે તે વિશેષ ઉપકારક ને માર્ગદર્શક નીવડી શકે તેમ છે. આપણા દેશની કે સમસ્ત વિશ્વની વૈયક્તિક કે સામુહિક સ્તર પરની સમસ્યાઓનો અભ્યાસ કરીશું તો જણાશે કે એ દરેક સમસ્યાઓમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના, દેશ દેશ વચ્ચેના, એકમેક પ્રત્યેના અહમ્, ઈર્ષ્યા, ક્રોધ, લોભનું પ્રવર્તન જ મહદ્ અંશે જોવા મળે છે.

વિશ્વબંધુત્વની ભાવનાને નિજ હૈયે ધારણ કરી બેઠેલા, વિચારશીલ અને સ્વભાવે ચિંતક એવા શ્રી નરેન્દ્રજીના માનસમાં વૈયક્તિક ને સામુહિક સ્તરની સમસ્યાઓ ઘોળાતી હશે, એના નિરાકરણ અર્થે તેમના ચિત્તમાં સતત ચિંતન ચાલ્યું હશે અને એ ચિંતનમાંથી તેમણે જે વિશદતા પ્રાપ્ત કરી તે આ 'ષડ્‌રિપુ'માં સ્થાન પામી હશે એમ હું માનું છું.

તેમણે સમસ્ત વિશ્વના દુઃખદર્દનું મૂળ શોધ્યું છે ને તેમાંથી 'ષડ્‌રિપુ'ની વિભાવનાની, વિશદતાની પ્રાપ્તિ થઈ છે ને તેથી તેના સંહારનો અનુરોધ કર્યો છે.

માનસશાસ્ત્રીય સ્તર પરથી માનવમનના આવેગો, સ્પંદનોનું પૃથક્કરણ-અવલોકન કરીને મનની શાંતિ માટે, આત્માના આનંદ માટે, નિજાનંદ માટે, બ્રહ્માનંદ માટે એક નવી જ કેડી કંડારી આપી છે. એ કેડીએ કેડીએ કદાચ આગળ તો વધાશે, પણ તેમણે જે પૃથક્કરણ ને અવલોકન કર્યું છે તે ખૂબ રસપ્રદ અને હૃદયસ્પર્શી બન્યું છે અને એમાંથી ષડ્‌રિપુના હાર્દમાં પહોંચવાનું સામાન્ય જન માટે કદાચ સરળ ને સુગમ બની શકશે એમ લાગે છે.

'ષડ્‌રિપુ' અંગેની સમગ્ર વિશદતા માનવહૃદયના અત્યંત સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્તર પર ઉદ્ભવતા આવેગોમાંથી પ્રાપ્ત કરી છે. પોતાની આસપાસ વિહરતા મનુષ્યોની તમામ ગતિવિધિઓનું, પોતાની આજુબાજુ ઉદ્ભવતી અનેકવિધ પરિસ્થિતિઓનું, માનવમનના સ્થૂળ-સૂક્ષ્મ અનેકવિધ આવેગોનું તેમણે બારીક નિરીક્ષણ-



Scanned by CamScanner

અવલોકન કર્યું છે. તેનો ઊંડો અભ્યાસ કર્યો છે. ચિંતન કર્યું છે અને એમાંથી તેમણે જે નિષ્કર્ષ પ્રાપ્ત કર્યો હશે તે 'ષડ્રિપુ'માં સ્થાન પામ્યો છે, એમ મારું માનવું છે.

કારણ કે નરેન્દ્રજીની નોકરી–હોદ્દો એવાં હતાં કે સમાજના અનેક સ્તરના લોકો તેમના સંપર્કમાં આવતા રહેતા. જુદાં જુદાં ગામોમાં નોકરી અર્થે તેમને બસ–ટ્રેનની મુસાફરી ખૂબ જ કરવી પડતી. તેમના આ પ્રવાસમાંથી પોતાની આજુબાજુ વિહરતા માનવો, સર્જાતા વાતાવરણ, ઉદ્ભવતી પરિસ્થિતિઓના ઊંડા આકલનમાંથી તેમણે મનુષ્યના માત્ર ભૌતિક જ નહિ, પણ આધ્યાત્મિક ઉત્કર્ષ અંગે જે આત્મચિંતન પ્રાપ્ત કર્યું તેના આધારે પોતાનાં મન્તવ્યો રજૂ કર્યાં હોય તે બનવાજોગ છે. એટલું જ નહિ, માતાજીના આદેશથી લોકસેવાનું તેમણે જે આ કાર્ય શરૂ કર્યું તેમાં પણ લોકો સાથે તેમનો સીધો સંપર્ક રહ્યો છે અને એ સંપર્ક દ્વારા લોકોના જીવન પ્રત્યેના અભિગમનો, દૃષ્ટિબિંદુનો, તેમના માનસિક આવેગોનો અભ્યાસ કરી નિરીક્ષણ કરી પોતે જે નિષ્કર્ષ પર આવ્યા તે તેમણે 'ષડ્રિપુ' દ્વારા વ્યક્ત કર્યું હશે એમ હું માનું છું.

---

"ક્યારેક ક્યારેક હૈયું હચમચી ઊઠે છે. આંખો ભીની થઈ જાય છે. ક્યારેક જાણે અંદરથી કશુંક ઊગી નીકળે છે. કંઈક ઉઘાડ થઈ જાય છે, ક્યાંક પ્રકાશ મળે છે, ક્યાંક ગતિ મળે છે, કોઈ માર્ગ મેળવ્યાનો, કશુંક પ્રાપ્ત કર્યાનો, કોઈક ગુરુચાવી મેળવ્યાનો સઘન અનુભવ થાય છે. ક્યારેક લાગે છે કે નરેન્દ્રજીએ કોઈકનાં આંસુ લૂછયાં, કોઈકનો ખભો થાબડયો, કોઈકની ઝાટકણી કાઢી, કોઈકને એક લપડાક લગાવી, તો ક્યાંક બોધ આપ્યો, માર્ગદર્શન આપ્યું, ને ક્યાંક દિશા બતાવી કે સમર્થન આપ્યું. એક માતાની મમતાથી માથે હાથ ફેરવીને, એક પિતાની વત્સલતાથી ખભો થાબડીને, એક મિત્રની સહૃદયતાથી ખૂબ નજીક બેસીને, ખભેખભા મિલાવીને, હાથ મિલાવીને, 'ષડ્રિપુ'ના શબ્દો-માંથી–અવાજમાંથી નીતરતા આ અણસારને હૈયું સતત સાંભળ્યા કરે છે. અનુભવ્યા કરે છે."

---

કારણ કે 'ષડ્રિપુ'ની આ ઓડિયો કેસેટ સાંભળતાં એમાં સાદ્યંત માનવમનના સૂક્ષ્મ આવેગોમાંથી જન્મતી પરિસ્થિતિ અંગેનું ચિંતન જ વ્યક્ત થયું છે તેથી તે સાંભળવું ખૂબ ગમે છે. વારંવાર સાંભળવું ગમે છે. સાંભળતાં સાંભળતાં ક્યારેક ક્યારેક હૈયું હચમચી ઊઠે છે, આંખો ભીની થઈ જાય છે, ક્યારેક જાણે અંદરથી કશુંક ઊગી નીકળે છે, કંઈક ઉઘાડ થઈ જાય છે, ક્યાંક પ્રકાશ મળે છે, ક્યાંક ગતિ મળે છે, કોઈ માર્ગ મેળવ્યાનો, કશુંક પ્રાપ્ત કર્યાનો, કોઈક ગુરુચાવી મેળવ્યાનો સઘન અનુભવ થાય છે. ક્યાંકથી દિશા મળે છે, ક્યાંકથી સમર્થન મળે છે. ક્યાંક ક્યાંક ક્યારેક ક્યારેક લાગે છે કે નરેન્દ્રજીએ કોઈકનાં આંસુ લૂછ્યા, કોઈકનો ખભો થાબડયો, કોઈકની ઝાટકણી કાઢી, કોઈકને એક લપડાક લગાવી, તો ક્યાંક બોધ આપ્યો, માર્ગદર્શન આપ્યું, અને ક્યાંક દિશા બતાવી કે સમર્થન આપ્યું એક માતાની મમતાથી માથે હાથ ફેરવીને, એક પિતાની વત્સલતાથી ખભો થાબડીને, એક મિત્રની સહૃદયતાથી ખૂબ નજીક બેસીને, ખભેખભા મિલાવીને, હાથ મિલાવીને. 'ષડ્રિપુ'ના શબ્દોમાંથી–અવાજમાંથી નીતરતા આ અણસારને હૈયું સતત સાંભળ્યા કરે છે–અનુભવ્યા કરે છે. સમસ્ત અસ્તિત્વ કોઈક અગોચરના ઊંડાણમાં ડૂબી ગયું હોય તેમ લાગે છે.



Scanned by CamScanner

નરેન્દ્રજીનો પ્રત્યેક શબ્દ નવી જ અર્થછાયા લઈને માનસમાં ઉપસ્થિત થાય છે. એ અર્થછાયા જ સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વને જાણે આંગળી ઝાલીને ઉપર લઈ જાય છે, એટલે ઉપર જ્યાં ભૌતિકતાનો કોઈ જ સંસ્પર્શ નથી હોતો, કોઈક અગમ્ય અનંત અગોચર અવકાશમાં ઊંચે ચડયાનો અનુભવ થાય છે.

અને તેથી આ કેસેટ ભૌતિકતા તરફ દોટ મૂકતા માનવીને માટે ઉપકારક છે તો આધ્યાત્મિકતાના અભીપ્સુ માટે, મોક્ષમાર્ગના યાત્રી માટે માર્ગદર્શક બની રહેશે. કારણ કે ભૌતિક સુખની પ્રાપ્તિ માટે પણ ષડ્રિપુનો સંહાર જરૂરી છે, ઈશ્વર પ્રાપ્તિના માર્ગે જવા માટે પણ તે જરૂરી છે. કારણ કે માનવીના આ આદિમ આવેગો છે. વ્યક્તિ ભલે ગમે તેટલી સમૃદ્ધ ને સંપત્તિવાન હોય, પણ તેના લોભને થોભ જ ન હોય તો? કોઈનું દામ્પત્ય સુખી ને પ્રેમાળ હોય, પણ સ્ત્રી કે પુરુષની કામેચ્છા અનિયંત્રિત કે વ્યભિચારી હોય તો? કોઈ ભલે ગમે તેટલો વિદ્વાન હોય પણ તે ઈર્ષ્યાની આગમાં શેકાતો હોય કે પોતાની વિદ્વત્તાનો તેને અહમ્ હોય તો તે શોભાસ્પદ બની શકે ખરાં? આધ્યાત્મિક શિખર પર બિરાજેલ વ્યક્તિને પણ અહમ્-ઈર્ષ્યા હોય તો?

આમ નરેન્દ્રજીએ ષડ્રિપુમાં જે બાબતોનું નિરૂપણ કર્યું છે તેમાંથી થાય છે કે ભૌતિક જીવનની સુખ, સમૃદ્ધિ ને પ્રગતિ માટે પણ ષડ્રિપુનો સંહાર જરૂરી છે તો આધ્યાત્મિક માર્ગે આગળ વધવા કે પરમ તત્ત્વની પ્રાપ્તિ કરવા માટે પણ ષડ્રિપુનો સંહાર જરૂરી છે. કોઈ પણ વ્યક્તિ ભલે સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી નિત્ય નિયમિત નિરંતર ઉપાસના કરે પણ તેના જીવનમાં ડગલે ને પગલે ષડ્રિપુનું સતત પ્રવર્તન થતું રહેતું હોય તો તેની ઉપાસના એટલા અંશે ખંડિત થતી રહે છે. પરમ તત્ત્વની કૃપા અનુભૂતિ પ્રેમ મેળવવામાં વિલંબ થાય છે કે અવરોધ આવે છે. ષડ્રિપુના પડળને કારણે ઈશ્વરની અનુભૂતિ કે દર્શન કરી શકતો નથી. વ્યક્તિની માનસિક અશાંતિમાં પણ મોટે ભાગે તો ષડ્રિપુનું પ્રવર્તન જ કારણભૂત હોય છે. જીવનમાં તે ભૌતિક કે આધ્યાત્મિક આનંદ મેળવી શકતો નથી. વ્યક્તિએ જીવનમાં સૂક્ષ્મ અને ઊંડા આનંદની પ્રાપ્તિ માટે, આત્માનન્દ માટે કે નિજાનંદ માટે ષડ્રિપુનો સંહાર આવશ્યક જ નહિ અનિવાર્ય પણ છે એમ ફલિત થાય છે.

'ષડ્રિપુ'ના આરંભમાં કુદરતની ગતિવિધિમાં નિયંત્રણ અને મર્યાદાનો ઉલ્લેખ કરીને ખૂબ જ સહજતાથી જીવનમાં મર્યાદાનો સ્વીકાર કરવાનો શિસ્તબદ્ધ બનવાનો નિર્દેશ કર્યો છે.

ઉપસંહારમાં ષડ્રિપુનો સંહાર કરવાનું દુષ્કર લેખાવ્યું છે ત્યારે પૂ. નરેન્દ્રજીને એટલી જ યાચના કરવાની કે આ જીવાત્મા ષડ્રિપુનો સંહાર કરી શકશે કે નહિ તે તો ખબર નથી કારણ કે મારું ભીતર અને જન્મોજન્મનું કર્મ તો આપને ખબર છે પણ અંતરની અભ્યર્થના એટલી જ છે કે ભીતરના આ દુશ્મનોનો પરિચય પામવાની શક્તિ મળે અને એની સામે ખૂંખાર યુદ્ધ કરવાની મતિ, શક્તિ અને દિશા મળે તો બસ છે. તેની ગતિવિધિને ઓળખી શકીએ તો બસ છે. આશા છે કે સૌ વાચકો પણ આ કલમ સાથે કદમ મિલાવવામાં સદ્ભાગી થશે.

માનવીના અસ્તિત્વમાં અને વ્યક્તિત્વમાં ગૂંથાયેલા ષડ્રિપુના ઉગમ, પ્રવર્તન અને તેની સંહારલીલાનો આલેખ દર્શાવતું ધ્વનિમુદ્રિત વિદ્વદ્ભોગ્ય અને દેશકાળને અનુરૂપ એવું વક્તવ્ય સૌ માટે શ્રેયસ્કર અને ઉદ્ધારક બની રહેશે એ નિઃશંક છે.

□



Scanned by CamScanner

# સમાચાર

૧. તા. ૮-૪-'૯૪ થી તા. ૧૦-૪-'૯૪ શુક્રવારથી રવિવાર સુધી મુંબઈનો કાર્યયજ્ઞ છે:

(અ) તા. ૮-૪-'૯૪ શુક્રવાર સમય બપોરે ૧૨ થી ૪ સ્થળ : શ્રી હનુમાન મંદિર હૉલ, રામમંદિર રોડ, બાબાઈનાકા, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૯૨

(બ) તા. ૯-૪-'૯૪ થી તા. ૧૦-૪-૯૪ શનિ-રવિ. સમય : બપોરે ૧૨ થી ૪. સ્થળ : જોશી નારણદાસ લક્ષ્મીદાસની વાડી, ૭૯ / ૮૧, બોરા બજાર શેરી, ફોર્ટ, મુંબઈ-૧

૨. તા. ૭-૪-'૯૪ થી તા. ૧૩-૪-'૯૪ સુધી 'નીલોબા' પર મુલાકાત બંધ રહેશે. તા. ૧૪-૪-'૯૪ થી રાબેતા મુજબ મુલાકાત ચાલુ રહેશે.

૩. તા. ૧૨-૪-'૯૪ થી તા. ૨૦-૪-'૯૪ સુધી ચૈત્રી નવરાત્રી છે. વિશિષ્ટ ઉપાસના કરનાર ઉપાસકોને પૂ. ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.

૪. તા. ૨૧-૪-'૯૪ થી તા. ૧૯-૬-'૯૪ સુધી પૂ. ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ છે.

તા. ૨૧-૪-'૯૪ થી તા. ૧૯-૬-'૯૪ સુધી 'નીલોબા' પર પૂ. શ્રીની મુલાકાત બંધ રહેશે.

તા. ૨૦-૪-'૯૪ થી 'નીલોબા' પર રાબેતા મુજબ મુલાકાત ચાલુ રહેશે.

૫. તા. ૨૨-૭-'૯૪ ને શુક્રવારે ગુરુપૂર્ણિમા છે. પૂ. શ્રીના દર્શનનો સમય સવારે ૯ થી ૧ વાગ્યા સુધી રહેશે. સ્થળ : પી. જી. મહેતા મેમોરિયલ હૉલ, શંકર આશ્રમ સામે, દિવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, પાલડી, અમદાવાદ-૭.

૬. તા. ૨૬-૭-'૯૪ થી તા. ૨૩-૮-'૯૪ ઇંગ્લેન્ડનો કાર્યયજ્ઞ છે. વધુ વિગત માટે ફોન નં. ૦૫૩૩-૩૫૪-૬૧૧ પર સંપર્ક સાધવો.

૭. તા. ૨૧-૭-'૯૪ થી તા. ૨૯-૮-'૯૪ સુધી 'નીલોબા' પર પૂ. શ્રીની મુલાકાત બંધ રહેશે. તા. ૩૦-૮-'૯૪ મંગળવારથી 'નીલોબા' પર પૂ. શ્રીની મુલાકાત રાબેતા મુજબ ચાલુ રહેશે.

૮. તા. ૭-૯-'૯૪ બુધવારે પૂ. ગુરુદેવનો જન્મદિવસ છે. પૂ. શ્રી સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી દર્શન આપશે. સ્થળ : પી. જી. મહેતા મેમોરિયમ હૉલ, શંકર આશ્રમ સામે, નારાયણનગર રોડ, રાજનગર બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૭.

૯. તા. ૬-૧૦-'૯૪ થી તા. ૧૩-૧૦-'૯૪ સુધી આસો નવરાત્ર છે. વિશિષ્ટ ઉપાસના કરનાર ઉપાસકોને પૂ. શ્રી આશીર્વાદ પાઠવે છે.



Scanned by CamScanner

ૐ મા ૐ



પૂ. રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોપા**' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner